# પ્રકરણ–૫
# શ્યામ સાધુની ગઝલોમાં સૂફીવાદ


૫.૧ ભૂમિકા

૫.૨ જીવન અને કવન

૫.૩ શ્યામ સાધુની કળાશક્તિનાં પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો

૫.૩.૧ શ્યામ સાધુનું સર્જનકર્મ અને ભાષાકર્મ (સૂફીરંગના સંદર્ભે)

૫.૩.૨ સ્વરૂપ-બંધારણ અને શૈલીગત ચર્ચા

૫.૩.૩ કેટલાંક અર્થગ્રહણો અને અવલોકન

૫.૪ નિષ્કર્ષ

- સંદર્ભ

# પ્રકરણ–૫
# શ્યામ સાધુની ગઝલોમાં સૂફીવાદ

## ૫.૧ ભૂમિકા :

ઉત્તમ ગુજરાતી સર્જકોના સમગ્ર સાહિત્યની પ્રકાશન શ્રેણીમાં શ્યામ સાધુનું નામ આવે છે. ગુજરાતને એમની ઓળખ આધુનિક ગઝલકાર તરીકેની જ રહી છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ મહામાત્ર કિરીટ દૂધાત નોંધે છે', શ્યામ સાધુ ગઝલમાં આધુનિક સંવેદનાથી શરૂ કરી આધ્યાત્મિકતામાં વિરમે છે. એમાં તેઓ નરસિંહ અને કબીર વચ્ચેનાં તાણાવાણા ગૂંથે છે. આ ઉપરાંત સોરઠી સંત પરંપરાના રવિભાણ, ભીમ સાહેબ, દાસી- જીવણ અને લખી રામ સુધીની ભજન પરંપરાની આશકા લઈને પોતાની નોખી જોત પ્રગટાવીને લાવે છે."[૧] તેઓ સોરઠ અને કચ્છની ભક્તિ પરંપરા, સિંધની ગુરુ-શિષ્ય પરંપરા તથા અલખ- નિરાકારના સનાતની સંપ્રદાયની વાત કરે છે. જે મૂળમાં સૂફીરંગી ચેતના જ છે. અહીં સાકારની આરાધના નહિવત હોય છે પરંતુ સ્વયંના રૂપ સ્વરૂપને પિછાણવાનો ઉપક્રમ વધુ રહ્યો છે. હું કોણ ?' એવી રહસ્યાત્મક સંકલ્પનાને અનુભવવાને માટે પ્રેમનો પિયાલો પીવાની વાત છે. યોગ્ય શિષ્ય ગુરુના સન્નિધ્યમાં બેસીને ભીતરના જંતરને ઝણઝણાવે છે ! ગુરુ પ્રસાદરૂપી નામ-સ્મરણને મહત્ત્વ આપે છે. આ ચિંતન મહદ્અંશે સૂફી ચિંતનને સ્પર્શતું જોઈ શકાય છે. મારા અભ્યાસમાં શ્રી શ્યામ સાધુની ગઝલોમાં સૂફીરંગનો રસલક્ષી, કૃતિલક્ષી અને સ્વરૂપલક્ષી રીતે વિલોકવાનો ઉપક્રમ છે. ગઝલના પારંપારિક સ્વરૂપમાં શ્યામ સાધુએ કઈ રીતે ફકીરાઈને આવરી છે એ અત્રે પ્રસ્તુત છે.

## ૫.૨ જીવન અને કવન :

શ્યામ સાધુનું મૂળ નામ શામળદાસ મુળદાસ સોલંકી ઈ.સ.૧૫-જૂન ૧૯૪૧માં જન્મ અને તા. ૧૬-૧૨-૨૦૦૧ સાઠ વરસની આયુ ભોગવી દેહવસાન પામેલા. પિતા પાસેથી સમાજાભિમુખતા અને અધ્યાત્મવાદી સતસંગનો વારસો મળેલો હતો. તેમના દાદીમા મોતીબાઈ એક સારાં ભજન ગાયિકા હતાં. તે જમાનામાં તેમની ઓડિયો રેકોર્ડસ બહાર પડી હતી. આમ સાંગિતિકતા અને ધર્મપરાયણતા સાથે સર્જન- કવનનો અનુરાગ પ્રારંભથી સાંપડ્યો હતો. પ્રાથમિક શિક્ષણ જૂનાગઢ ખાતે લઈ તેમણે જૂની એસ.એસ.સી પરીક્ષા પાસ કરી હતી. બે વર્ષ આયુર્વેદાચાર્યનો અભ્યાસ કર્યા પછી અંગત અને પારિવારિક પરિસ્થિતિના લીધે અભ્યાસ અધવચ્ચે ટૂંકાવી વ્યાપારમાં જોતરાયા વચ્ચે થોડો સમય જૂનાગઢના સ્થાનિક રાજકારણમાં પણ

ઝંપલાવ્યું. આમ તેમનું ગૃહસ્થ જીવન વિસંવાદિતાઓ વચ્ચે અટવાયું છે. કદાચ એ જ કારણ હોય, તેમી ગઝલોમાં ઉદાસી- (ઉદાસીન !) ભાવ વધુ મુખર બન્યો છે.

ઈ.સ. ૧૯૫૫માં પંદરેક વરસની વયે તેઓ મુક્તકો જેવી લઘુકવિતાઓ સર્જતા હતા. સાહિત્યિક રુચિ અને આકંઠ અભ્યાસુવૃત્તિને લીધે કવિતા તરફ વળે છે. અને ત્યારથી તે મૃત્યુ પર્યંત તેઓ કવિતા-ગઝલને નિભાવતા રહે છે. શ્રી સંજુવાળા લખે છે, માત્ર કવિતાને જીવન મંત્ર બનાવીને આ કપરા કાળમાં જીવવું કઠિન ગણાય છતાં આ કવિ પડકાર ઉપાડી લે છે.''[૨] આ બાબત તેમના કાવ્ય તરફના અહોભાવને દર્શાવી આપે છે. ગુજરાતી કવિતા માટે ય એ ગૌરવરૂપ ઘટના ગણી શકાય. તેમને શતરંજ, સંગીત, રાજકારણ અને અત્તરનો શોખ હતો. તે તેમના શાયરાના દિદાર માટે પ્રેરક બની રહે છે.

ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનું સુરેશ જોશીનું આંદોલન એના મધ્યાહ્નને હતું ત્યારે સ્વાભાવિકપણે સાહિત્યનાં લગભગ બધાં જ સ્વરૂપ વિધાઓ ઉપર કલાનિર્મિત- કલા- ખાતર કલા અને કાવ્યત્ત્વ હાંસલ કરવાના અભરખા ઘર કરી ગયા હતા. શ્યામ સાધુ પણ એની હડફેટમાં આવી જાય છે. પરંતુ પરંપરાને સ્પર્શીને સહજ રીતે કલાતત્ત્વ તરફની ગતિ તેમની કાવ્ય સર્જનાને જોતાં જણાય છે. તેમનો નવ્ય કાવ્ય-છટાઓ સાથેનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'યાયાવરી' (૧૯૭૩) પછીનાં ચૌદ વર્ષના લાંબા ગાળા પછી, 'થોડાં બીજાં કાવ્યો, ઈન્દ્રધનુષ' (૧૯૮૭), આત્મકથાનાં પાનાં' (૧૯૯૧) અને 'સાંજ ઢળી ગઈ' (૨૦૦૨)ના નામે ચોથો સંગ્રહ બહાર પડે છે. બહુધા ગઝલ લખતા શ્યામ સાધુ અછાંદસ કાવ્યો તરફ પણ ઝોક ધરાવે છે. ૧૯૭૩ થી શરૂ કરીને ઈ.સ. ૨૦૦૨ સુધીના સમય ગાળામાં પ્રકાશિત થયેલ કાવ્ય સંગ્રહો અને અન્ય સામયિકો, સંપાદનોમાંથી મેળવીને શ્રી સંજુવાળા ઘર સામે સરોવર'' (૨૦૦૯) નામે શ્યામ સાધુની સમગ્ર કવિતા અછાંદસ અને ગઝલોનું સંપાદન આપે છે. મારા અભ્યાસનો આધાર આ સંગ્રહ જ છે.

## ૫.3 શ્યામ સાધુની કળાશક્તિનાં પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો (સૂફીરંગના સંદર્ભે) :

મારા ગઝલ અને સૂફીરંગની અનુભૂતિના અભ્યાસ અંતર્ગત ચોથા શાયર શ્યામ સાધુની ગઝલ સૃષ્ટિમાં વિહરવાનો ઉપક્રમ પ્રસ્તુત છે. કવિતા અને સમાલોચન બન્ને એકબીજાના પૂરક સંપ્રત્યયો છે. પ્રાચીન કાળમાં ઋષિઓને જેમ રુચાઓ સ્પર્શી, નાટકકારોને નાટ્યરંગ સ્પર્શ્યો, ભક્ત- કવિઓને પદ-ભજન કે આખ્યાન ભાવ્યાં, એમ સૂફીઓને રૂબાઇ, કસીદા અને ગઝલ જેવાં પ્રેમ- મૌસિકીનાં પદ્યસ્વરૂપો ફાવ્યાં, ર્ડા. રાજેશ વ્યાસ 'મિસ્કીન' લખે છે, ''કલાની

વિશેષતા જ એ છે તેમાં સહજ રીતે સૌંદર્ય, સત્ય, વિસ્મય, પ્રેમ અને અધ્યાત્મ આવી જાય છે. કલામાં આ તત્ત્વો દર્શનનું કે પ્રતીતિનું રૂપ લઇને આવે છે. તત્ત્વજ્ઞાન કે દર્શનમાં એ અલગ વિષયો તરીકે ચર્ચાતા હશે પરંતુ ગઝલ જેવી કલામાં એ અનુભૂત તત્ત્વો છે. ગઝલ અને રહસ્યોદ્દઘાટન પરસ્પર એક સિક્કાની બે બાજુ જેવાં છે.”[૩]

ગઝલ એ માનવધર્મી કાવ્ય પ્રકાર છે. એ માનવના મૂળતમ ધર્મને પ્રેમને તાકે છે. ગઝલમાં આવતો પ્રેમ પ્રિયાનુરાગથી માંડીને ગહન- જગતાતીત અધ્યાત્મને આવરી લે છે. કવિતા કલાનું એક આગવું સર્જન વિશ્વ હોય છે. ગઝલની સાર્થકતા પણ આવી સર્જકતામાં રહેલી છે. કોઇ એક કલાકૃતિને સ્થળ- કાળ અને સમયના ત્રિપરિમાણીય પિંજરામાં કેદ ન કરી શકાય, એનો સંદર્ભ વૈશ્વિકતાને નિર્દેશે છે. એ એવું સત્ય પ્રતિપાદિત કરે છે કે જે માનવ સંવેદનાને, માનવ અનુભૂતિને, જગતના લૌકિક અને અલૌકિક વ્યવહારને અને એથીય વિશેષ શબ્દનિયોજનથી સૌંદર્યનું એક વિશિષ્ટ ફલક ખડું કરે છે.

આદિલ મનસૂરી અને રાજેન્દ્ર શુક્લની પેઢીના વિશિષ્ટ ગઝલકારોમાં શ્યામ સાધુનું નામ જરૂર લઇ શકાય. તેમના ચાર ગઝલ સંગ્રહોમાં બસો એક ગઝલો સાંપડે છે. ગિરનારી અલગારીપણું અને સૂફીરંગ તેમની ગઝલોમાં સૂક્ષ્મતાને પરિમાણીને પ્રવાહિત થાય છે. સૂફીવાદનું એક ચિંતનાત્મક મોજું એવુંય છે કે સાધક સુખ- દુઃખ અને ઉદાસીનતાને કારણે પોતાની ભીતર ડોકિયું કરતો થઇ જાય છે. તેને આ જગત સુખ- દુઃખની માયાવી પ્રપંચના લાગે છે. એથી તે અલૌકિક રહસ્યને માર્ગે ચડે છે. ભારતીય ભક્તિ પરંપરામાં સ્વયંને ઓળખવાની જગતાતીત અનુભૂતિને મોક્ષ પ્રાપ્તિ કે આત્મ સાક્ષાત્કાર ગણવામાં આવે છે જ્યારે સૂફીચિંતનમાં એને ‘વસ્લ’ પામવું અર્થાત્ ફના થઇ જવું જેને ‘અનલહક’ તરીકે ઓળખાય છે. એ સૂફીમસ્તીનો અદ્દભુત રંગ છે. સૂફીરંગને પ્રસારવામાં ગઝલ કાવ્ય સ્વરૂપ માફક આવ્યું છે. કદાચ આ સૂફી પરંપરાના પ્રબળ પ્રાદુર્ભાવમાંથી જ ગઝલ જન્મી હશે. શ્યામ સાધુનો અલગારી રંગ ગઝલને ઔર વળ ચડાવે છે. તેમની ગઝલો ભગવા અને સૂફીરંગનું સાયુજ્ય ઊભું કરી દે છે. સૂફી પ્રેમોર્મિને કંઇક આમ નિરૂપે છે,

પ્રેમ સમું પકડી લે સાધુ છોડી દે સઘળી તું રકઝક.

શ્યામ સાધુ ઇશ્કેહકીકીના સંદર્ભમાં પરંપરિત સૂફીચિંતનનો અભિનવ યાદ, સ્મરણ, ચાહના, વાત, ફોરમ, વ્હાલ જેવા શબ્દોથી ગઝલમાં એ પરાપૂર્વના ચિંતનવિશ્વનો ઊઘાડ કરતા કેટલાક શેર લખે છે, (‘ઘર સામે સરોવર’ માંથી)

આકાશ જેવી યાદને ઓઢી ફર્યા કરું
આંખો મીચું કે એક બીજો સૂર્ય હોય છે.
- એકાંતનો પરિચય કૈં એ રીતે થયો,
  સૂનકાર તારી યાદની જેમ જ ઊભી ગયો.
- યાદનો મેં એટલે આદર કર્યો,
  પાંખને આકાશથી સંબંધ છે.
- દર્પણમાં ચાંચ મારીને ચકલી ઊડી જતાં,
  આંખોમાં કોઈ સૂની સૂની યાદ હોય છે.
- પવનને ફૂલનો સંબંધ શું છે ?
  સ્મરણનું નામ બદલાવી દીધું છે. (એજન- પૃ.૨૩)
- અહીં કૈં ફૂલને પાંખો નથી હોતી,
  મહકની એટલે લાંબી સફર થઈ ગઈ. (એજન- પૃ.૨૮)
- તારા સ્મરણની એમ કૈ એવી અસર પડી, !
  ફૂલોની વચ્ચે જાણે કે મારી સફર પડી !
- સાવ કોરી પાટી જેવા નભ ઉપર,
આવ લખીએ યાદ આઠે પ્હોરની.

આ શેરોમાં ‘કશાક’ની યાદ, સ્મૃતિ, ટેવ, ચાહના, સ્મરણ વગેરે પૂર્ણપણે ઇશ્કેહકીકીને નિર્દેશે છે. હા, યાદ તો ઘણા પ્રકારની હોય પરંતુ અહીં આશિક-માશુકનો સ્પષ્ટ ઉલ્લેખ નથી પણ ભક્ત અને ભગવાનનો, દરવેશ અને ઇલાહીનો માશુકીયત ભર્યો સંબંધ છે. કવિને પોતાના પૂર્વસૂરીઓએ ગાયેલ સૂફીચિંતનને પુનઃ ગઝલમાં અવતારવું છે, પરંતુ તે પોતાની રીતે. શ્યામ સાધુ આધુનિકતા દર્શાવતા કાળ વિશેષમાં સર્જન કરે છે. ગઝલના સ્વરૂપ- છંદ- બંધારણને સાંગોપાંગ જાળવી કાવ્યત્ત્વની ભવ્ય સૌંદર્યશીલતા પ્રગટાવે છે. પ્રણયોર્મિની યાદી સાથે જ એમાં ઝંખના, પ્યાસ, ઇબાદત વગેરે ભળતાં જાય છે. એના કેટલાક શેઅર જુઓ,

ઓ અજંપા ! કઈ રીતે વહોરું તને હું ?
સાંજના દરિયે તો સૂરજ પણ ઢળે છે !
- તમારું સામે હોવું એ જ હોવાની નજાકત છે,
  નહીંતર આ ઝરુખા આંખના સૂના ને પ્યાસા છે. (એજન- પૃ.૫૧)
- હા, થશે- ની હોડીઓ તરતી રહેશે,
  તું કશુંક કરવાનો દરિયો પી શકે તો !

- સાચવી કોમળ પળોની ઝંખના,
  સાંભળ્યું છે : પ્રાણ પણ થાક્યા હશે.
- હું ફૂલ શી ગણું છું સ્મૃતિઓને એટલે,
  એની તમામ ગંધમાં મૂકી ગયો મને.
- આ સતત અવસાદનો વરસાદ વરસે,
  આવનારા આવજે આવી શકે તો ?
- ઉંબર આગળ ઊભો ઊભો હું બોલાવું
  ટેવ તરસની ! મારું ઘર પણ મોકાનું છે !
- થાતું કે જૂઈ જેવી નદીમાં તર્યા કરું,
  થાતું કે મ્હેંક જેવું તમારામાં સંભવે !
- ફૂલ મહેક્યાં જેવી થઈ છે લાગણી,
  ચાલો, તમને પણ વિચારી નાખીએ !
- રોજ અહીં આ મનના મેળે,
  છાક બની છલકે છે કોણ ? (એજન - પૃ.૧૫૮)

આ શેરોમાં ક્યાંય સ્થૂળ પ્રેમનો મહિમા નથી. પહેલી જ નજરે આપણે એમાં રહેલા પરંપરાગત અધ્યાત્મનો સૂર સાંભળીએ છીએ. શ્યામ સાધુ કલાત્મકતાથી તરબતર કલ્પનોનું કાવ્યવિશ્વ જીવંત કરે છે. સાંજ, દરિયો, સૂર્ય, ઝરુખો, નદી, હોડીઓ, પ્રાણ, ફૂલ, સ્મૃતિ, ગંધ, વરસાદ, જૂઈનું ફૂલ, મ્હેંક, મેળા જેવી ગતિ અને રહસ્યાત્મક સંજ્ઞાઓને પ્રયોજીને પ્રેમોર્મિ તથા માશુકીયતનો ભાવ પ્રગટાવે છે. આ બધાં જ કલ્પનો, ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ, અતિસયોક્તિ જેવા અલંકારોના સાદશ્યથી સુંદર પ્રતીક અને સંકેતોનું સૂફીચિંતન સંયોજે છે.

આમેય શ્યામ સાધુ જમાનાની વિરૂપતા અને દુન્વયી વૃત્તિનો ભોગ બન્યા છે જે તેમની દર્દ- લાગણી અને ભાવાવેશને ઉદાસીનતામાં પ્રગટાવે છે. એમનો ગઝલ પ્રેમ એમને સૂફીરંગને ગાવા માટે મજબૂર કરી દે છે. વારેઘડીએ એ જગન્નિયતાનું સ્મરણ, યાદ ઝંખના, પ્રેમોર્મિનું વાતાવરણ સમયની દરેક અવસ્થાએ જીવંત બનીને ગઝલમાં ફેરવાય છે જે આસ્વાદ્ય બને છે. ઈશ્કે હકીકીનો રંગ દાખવતાં કેટલાક શેર જોઈએ,

આંગણેથી કોણ એ ઝાંખી ગયા ?
સાંજના વાતાવરણમાં ભાર છે !
સૂફી મસ્તીનો પૂર્ણ ગિરનારી મિજાજ જુઓ,
તારી કથાનો ભેદ જો ક્યારેક ખૂલતો,
મારાપણાને હું જ અનાયાસ ચૂમતો. (એજન- પૃ.૧૨૭)

- ફૂલ શું તારું તસ્સવ્વુર ધડકને,
  આજ પણ મહેકું હજી અંધારમાં
- રેશમી દિવસોની રોનક શોધવા
  યારના ઈતબારમાં ભૂલા પડ્યા. (એજન- પૃ.૧૩૬)
- પ્રેમ- અગન યાવક છે પ્યારે
  પૂરી લગનથી ખુવાર થઈ જા. (એજન- પૃ.૧૬૧)

કવિને પોતાના માશુક પ્રત્યે અસહ્ય લગાવ છે. એ હકીકી આગળની જવાળાને પાવક માનતા શ્યામ એને 'રેશમી દિવસો' ગણી માશુકીયતને નિપજાવે છે. એમનો 'યાર' દરેક પળમાં એમની નયનદૃષ્ટિ સામે રહેવો જોઈએ. એવી લગનીમાં ખુવાર થવાનું તેમનું નિરૂપણ સૂફી નશાનું બયાન કરે છે. જ રહે એવું વાતાવરણ ઝંખે છે. આવો ઇશ્કેહકીકી રંગ જયારે એક સૂફી દરવેશને ભીંજવે છે ત્યારે ત્યાં પૂર્ણ મસ્તીનો ઉદ્રેક સ્થપાય છે. શ્યામ લખે છે,

મહેંક સમું છલકે છે મનમાં,
તારા નામે શ્વાસ ભર્યો છે.
- ગમખ્વાર ક્ષણની સામે તમારું સ્મરણ મૂકી,
  રંગીન મસ્ત પ્રેમનું વાતાવરણ કરું !
- નજાકત ભરી યાદ વચ્ચે અચાનક,
  ઝુરાપાની શેરીમાં જાતાં, સરે છે.
- ફૂલના છેડે નદી છે પાતળી,
  વ્હાલ તેં વરસાવ્યું ઓછું વાદળી (એજન- પૃ.૧૦૬)
- નગર, શેરીઓથી નયન સ્વપ્ન સુધી,
  બધે હા, તમારું સ્મરણ જઇ ચડ્યું છે !

શ્યામ સાધુ વિસ્મયને વર્ણવતા માશુકીભાવને વળ ચડાવે છે. પણ પ્રેમ એમ કોઇ હાથવગો નથી. પ્રેમોર્મિનો ગહરો ઊભાર તડપ,દર્દ વિરહાવસ્થામાં વધુ પ્રબળતાથી પ્રગટે છે. એક સૂફી સાધક માટે એ દિવાનગી છે, તડપ છે, મસ્તી છે. શેર જુઓ,

એક અનુભવ હસતો બીજો આંસુ ભીનો,
સમય રમતમાં કેવી રે અંજળની માયા ! (એજન- પૃ.૧૭૪)
- એક અંદર છે, સરસ ગુલઝાર છે,
  તું સમજ તો એ જ સઘળો સાર છે !

- આપની પાંપણ ઝૂકી, ઝિલાઈ ગઈ
  મૌનની લિપિ મને સમજાઈ ગઈ.
- નમેલી સાંજની ભીની હવામાં,
  થતું મુજને ઊભો હું પણ નશામાં.
- કશુંક ઝાકળના જેવુ કૈક ઝળકે છે,
  અમારા મન ઉપર આ શું છવાયું છે ? (પૃ.૫૮)
- વહેતાં ઝરણ- શું ફરી સાંભર્યું કૈ,
  ચલો, પથ્થરો જેમ પલળી જવાના ! (પૃ.૮૭)

શ્યામ સાધુ ઘણીવાર એક સ્વગતોક્તિ કરનાર લાગે તો ક્યારેક ત્રીજા પુરુષની અદાથી બોધક બની જાય છે. ઘણીવાર તેમની ગઝલ આજીજીના વિનંતીના સ્વરે પહોંચી જાય છે ત્યારે એ બોધાત્મક- આત્મલક્ષી બની જાય છે, પરંતુ એનો ભાવ તો સૂફીચિંતનને- અધ્યાત્મને સ્પર્શનારો જ હોય છે. અને આવું તત્ત્વચિંતન સ્વયંમાંથી સર્વમાં વિસ્તરી જતું હોય છે. સૂફી સાધક ક્યારેક પ્રખર સહરાની તરસથી પોતાના પરમ દિલદારને આરાધે છે. એવી અનુભૂતિનો પડઘો આ શેરમાં પડે છે,

ખુશ્બોના હર પડાવે સુનેરી મિજાજ લઈ,
દિલદાર કોઈ દોસ્ત શો અવકાશ આપ છો.

ને એ પછીના શેરમાં ઇશ્કેહકીકીનો ફનાઈ ઉદ્‌ઘોષ ભવ્યતામાં નિપજી સૂફીરંગનો નશો ચડાવે છે,

આ રક્તના તમામ પ્રવાહો સભર ભર્યા,
નખશિખ આ મુકામની ચોપાસ આપ છો ! (એજન- પૃ.૮૬)

રઝિયા- સુલતાન’ પિકચરનું આ ગઝલ- ગીત જુઓ, જેમાં રહેલ ભાવ શ્યામના શેરમાં છે,

આઈ ઝંઝિર કી ઝન્કાર ખુદા ખૈર કરે
દિલ હુઆ કિસકા કિરતાર ખુદા ખૈર કરે.

શ્યામ સાધુનું હૃદયકુંજ પણ કોઈનું દિવાનું થયું છે. એક અનોખી ખુમારી સૂફીરંગના માશુકીયત ભર્યા મિજાજમાં ધારદાર બની ગઝલમાં પ્રગટે છે. સૂફીમસ્તીનો રંગ-નશો જ્યારે ન મળે ત્યારે બંદાની હાલત આકળવિકળ થઈ જાય છે. એ નશારૂપી કૂવો ગળાવવાનું કલ્પન કલાત્મકતાનો ઉત્તમ નમુનો બને છે. શેર જુઓ,

અમે કોરું- કોરું ભીના રે ! કોઈ કૂવો ગળાવો !
અમે અબોટ પીધા વિના રે ! કોઈ કૂવો ગળાવો !

આ 'કૂવો' એ સૂફી બંદાનું આંતરમન છે. જ્યાં સુધી પ્રિયતમ માશુકના પ્રણયોર્મિનું પાન ન થાય ત્યાં સુધી એ કોરું છે. જ્યાં સુધી એ પરમ ચેતના તરફ જવાની ઝંખના પ્રબળ નથી થતી ત્યાં સુધી કવિને મન એ રહસ્ય છે, વિસ્મય છે એને સતત પ્રશ્નો ઉભરાય છે,

કશે સૂર્યના વંશવૃક્ષની ભાળ મળી ના,
કહો 'સમયજી' ક્યાં લગ મારે વિસ્તરવાનું !
- આ જુઓ ગુલ્મહોર મૂંગોમસ પણે,
ગુફ્તગૂ કોની કરે સૂનકારમાં. (પૃ.૯૩)
- ન જાણે ક્યા મુલાયમ બોજને માથે સહ્યો છે,
બિચારો ભીનું- ભીનું ક્યારનો ભટકી રહ્યો છે.
- દર્શન ઘેલાં નયનો શું છે ? તરસ્યાં તરસ્યાં ઝરણાંઓ છે !
- જીવ- ઝુરાપો પૂછ્યા કરતો આ આંસુની સાંકળ શું છે ? (પૃ.૧૫૨)
- સિજદાના સમયમાં ન પૂછો,
શો અંજામ મારા કિસ્સાનો ?
- હા, એકાદી ઘટના પાછળ,
જીવન આખું ટળવળવાના.
- દર્પણના રણમાં ભટકું છું,
સામે છું ને હું શોધું છું !
- તારી પ્રતીક્ષા જેવું અહીં કેમ હોય ના ?
શ્વાસો છે ત્યાં સુધી કશું કારણ હતું નહીં.
- એક બીજુ આભ આંજી આંખમાં તે,
કેટલા વિસ્મયનું કારણ દઈ દીધું છે.

શ્યામ સાધુ પરમચેતનાની ઈબાદત, ઝંખના, પ્રેમ- તડપ અને સતત સ્મરણના નશાને 'મુલાયમ બોજ' કહે છે. એ જ ઈશ્કે હકીકીનો પડઘો છે. ઈશ્કે ઈલાહીને ઝંખતાં નયન કવિને મન 'તરસ્યાંઝરણાં'નું પ્રાકૃતિક કલ્પન બનીને આવે ત્યારે શ્યામની સર્જક વિશેષની અભિવ્યક્તિ નિખરી ઊઠે છે. પોતાના વ્હાલા દિલદાર માટે થતો ઝુરાપો આંસુની સાંકળ બનીને તીવ્રતાને ચિંધે છે. સૂફીનો સિજદો (બંદગી- સ્મરણ) આઠે પ્હોર ચાલ્યા કરે છે એમાં એને સમય- સ્થળ- કાળનું ભાન રહેતું નથી. કવિને મન આજ એક એવી વિશિષ્ટ ઘટના છે કે જેને માટે સમગ્ર જીવન

ટળવળવાનું પરવડે એમ છે. ને એમની પ્રતીક્ષા જ્યાં સુધી શ્વાસોચ્છ્‌વાસની હાજરી છે ત્યાં સુધી રહેવાની એમ કહી ફનાગીરીની વાતને ઉજાગર કરી મુકે છે. હરીન્દ્ર દવેનો એવા જ ભાવવિશ્વને પ્રગટાવતો શેર જુઓ,

ઝાહિદ, કસોટી છે આ ગમે તે પસંદ કર
સિઝદો છે એક, એક ઈબાદત થવાની વાત.૪

શ્યામ લખે છે,

પછી પેલી મસ્તીને મનમાં થવાનું,
જરૂર એના, મારા ખ્યાલોમાં હું છું ! (પૃ.૫૭)
- બધા કહે છે, રૂપરંગની વાત નથી આ,
અહીં તો કેવળ આંખ મીંચીને ઝળહળવાનું !

શ્યામ સાધુને જેની ઈબાદત કરવાની છે એ પરમ માશુકનું સરનામું મળી ગયું છે. એના તરફની ફકીરી સફરનું નિરૂપણ જુઓ,

સ્હેજ ઝૂકેલી નજર, ભીની નજર,
ક્ષણની સમજો એ પછી સુંદર સફર !

આ સૂફીરંગ માટેની પોતાની યોગ્યતા નહોતી ને છતાં એની મસ્તીનું પાન પીધા કર્યું એ જ કવિની ફનાગીરી છે, અલગારીયત છે,

પાત્ર ખાલી તોય તેં પીધા કર્યું,
રંગ મહેફિલનો ખરો-ખોટો મળ્યો.!

આ પ્રણયોર્મિની સુરાહીને કોક ‘તરસ’ કહે છે તો કોઈક ‘ભીનુ ઝરણ’ કહે છે,

તો જ પીશે, ચિત્ર પળનું ઝળહળે,
પ્યાસ ચાતકની મધુરી જોઉં છું.’
- છે ઘણાં ઉપનામ હોવાનાં અહીં,
હો તરસ કે હો ઝરણ ભીનું તમે !

શ્યામ સાધુ ઘણીવાર આશિક- માશુકને અનુલક્ષીને કોઈ ત્રીજા વ્યક્તિની અદાએ, તટસ્થતાથી પ્રણયોર્મિનું ગાન કરે છે.,

અહીં પણ ઝંખનાનું નામ પીડા છે,
અહીં પણ ઝંખના હરએક ચહેરે છે !
- રોજ મરજીવાની માફક જીવવું,
સાંજની ભેદી ઉદાસી તોડવા !

- નયન આંજો, અગર અશ્રુ વહાવો,
પ્રણયમાં દોસ્ત, ના બુદ્ધિ લડાવો !

તટસ્થ ભાવે અધ્યાત્મ ચિંતનને અનુભૂત કરીને લખવું ય અઘરું હોય છે. શ્રી સંજુવાળા નોંધે છે, કે જાતને ઓળખી લીધા પછીનું દર્શન : છતાં કવિનું વિસ્મય તો અખંડિત છે. આધુનિક કવિતાનો આ અવાજ, અભાવ વચ્ચેની ભરપૂરતાને ચીંધે છે.'[૫] પ્રેમનું સ્થૂળરૂપ લૌકિકતાને દશ્યાંકિત કરે છે. પરંતુ શ્યામ સાધુમાં એવા ઇશ્કે મિજાજી ભાવનું નિરૂપણ ભાગ્યે જ જોવા મળે છે. તેમની ભીતર એક અલગારી જીવ ભર્યો પડ્યો છે. પરમચેતના માટેનો સંવેદનભાવ, તડપ, ફકીરાઇ અને એને સમર્પિત થવાનો અનાસક્ત આશય જ ઠેકઠેકાણે અનુભવાય છે. સૂફીરંગનો આવિર્ભાવ એના ફનાતત્ત્વમાં વધુ વેગવાન થઇ નિરૂપાયો છે. એવી જગતાતીત અનુભૂતિને ઉપસાવતા કેટલાક શેર જોઇએ,

આંખમાં રણ, હાથમાં રણ દઈ દીધું છે,
તોંય દીવાનાને દર્પણ દઈ દીધું છે.

અહીં રણનું 'કલ્પન' વિરહાગ્નિને જીવંત બનાવી તીવ્રતા સૂચવે છે. આંખ માટે સતત નિષ્ફળતા, અશ્રુધારાનું વહેવું અને હાથ વડે ઇબાદતનો, આરતનો તીવ્ર પ્રકારને સૂફી બંદાને 'દર્પણ'ની કલ્પનાનું સાયુજ્ય સ્વયંમાં નિહાળવાનું ઇંગિત કરે છે. કવિ અહીં રણ અને દર્પણના અનુસંધાન દ્વારા પરમચેતનાને સ્વયંમાં ખોજવાનો ઉપક્રમ કરે, એ સૂફી ફનાગીરીનું સાંકેતિક નિરૂપણ બન્યું છે. ગમન' ફિલ્મની પેલી ગઝલ છે ને,

'ચશ્મ નમ મુસ્કુરાતી રહી રાતભર.
આપ કી યાદ આતી રહી રાતભર.
રાત ભર દર્દ કી શમ્મા જલતી રહી,
ગમ કિલા થરથરાતી રહી રાતભર'૬

આ જ ભાવને શ્યામ સાધુ ગઝલીયત આપતાં લખે છે,

આવ તારા સ્પર્શનો મહિમા કરું,
પ્હેરી લઉં જવાળામુખી હું વ્હાલનો,
મારું શું, યાયાવરી પંખી સમો,
તું જ તરસ્યો દરિયો સો સો સાલનો.
- આજ ઘરના ટોડલા લીલા થશે,
આજ પાછાં ગીત તારાં ગાઉં છું.

- કૃપા કરીને ખુશબૂ અલગ તારવો નહીં',
  ફૂલોની વચ્ચે થાકીને રંગો સૂતા હતા.
- સાવ સામે તે છતાં લાગ્યા કરે,
  સાત સાગર પારનું ઉપવન હતું !
- તું આવ તો અજવાસ થઈ જાશે,
  હું શ્યામ રાતોની સજા પામ્યો !
- મારા વિશે કશુંય મને યાદ ક્યાં હતું ?
  ભૂલી શકાય એ રીતે ભૂલી ગયો તને.

વ્હાલને જવાળામુખીનું અતિસયોક્તિપૂર્ણ કલ્પન નિયોજીને શ્યામ મસ્તીના રંગને વધુ ઘેરો બનાવે છે. અને એની ખુમારી તો જુઓ, પોતે તો આ દુનિયામાં યાયાવરી પંખીની સમાન છે. મૌસમ આવે મોજ કરીને લે આ ચાલ્યા નિજ દેશમાં !' પોતાના પરવરદિગારને કહે છે એ ધ્યાનાર્હ છે. ગુજરાતી ગઝલને સો-સો સાલ થવા આવ્યાં એટલે ઉલટાનો તું જ પ્યાસથી તરફડે છે એવો વ્યંજનાર્થ કાવ્યકલાનો બળકટ નમૂનો ગણી શકાય. સૂફી મસ્તી અને ફનાતત્ત્વની અભિવ્યક્તિ સૂચક શેરો હૃદયસ્પર્શી બની શ્યામ સાધુના સર્જકત્ત્વનો ઉન્મેશ પ્રગટાવે છે.

હા, પ્રેમ હશે તો ન્હાવાનો, તરબોળ થવાનો,
જે એમ કહે છે : હું પણ રઝળીને આવ્યો છું !
- આંખો મીંચુ  કે અજબ બદલાઉં છું,
  હું નથી હો તો બીજો દેખાઉં છું.

અહીં જગતાતીત ચેતનામાં વિલીન થવાની અનુભૂતિ સૂફીરંગના ફનાતત્ત્વને ચિંધે છે. કવિને આત્મ સાક્ષાત્કાર થયો છે. આ પ્રણયોર્મિની અંતિમ મંઝિલ કંઇ એમને એમ મળી નથી, એ માટે 'રણ' રૂપી વિરહાગ્નિમાં તપવું પડે, પળે-પળે એ ઇશ્કેઇલાહીને પામવા રોવું પડે, તીવ્ર ઇબાદત કરવી પડે ઇશ્કમાં એકરૂપ થવું પડે ત્યારે ફકીરાઇ સાંપડે છે અને સાધક આત્મતત્ત્વને પામી લે છે. શ્યામની એકાધિક ગઝલોમાં આવા ભાવનાં દર્શન થાય છે. કેટલાક અનલહક્' ને તાકતા શેર જોઇએ,

હવા જેમ ત્યાંથી અહીં તક,
ગજબ દોસ્ત, બાકી ફરો છો !

અહીં 'ત્યાંથી', 'અહીં'  શબ્દો દ્વારા પોતાના ઇશ્કે ઇલાહી જેને 'દોસ્ત' કહીને ફના-મસ્તીને તાકતા શ્યામ સમસ્ત જગત- પૂર્ણબ્રહ્માંડનું ભૌમિતિક દ્રશ્ય ઊભું કરી દે છે. 'હવા' જેમ

અણુ-અણુમાં વ્યાપ્ત હોય છે એમ એ 'ગજબ દોસ્ત' પણ દરેક જગ્યાએ ફરે છે ! અહીં નરસિંહ મહેતા યાદ આવી જાય છે,

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે !

આવા જ ભાવને શ્યામ હજુ આગળ લઇ જઇ બાહ્યલક્ષિતાથી ઓતપ્રોત વ્યંજનાને સ્વયંમાં નિહાળતા 'અનલહક'ની અનુભૂતિ કરે છે,

નભ- નાભિ તક  વિલસે વ્હાલો,
જોઈ શકે તો જો જો બેશક !

તો નરસિંહની પરંપરાને સ્પર્શીને તત્ત્વચિંતન પેદા કરે છે. અહીં સનાતની ધર્મચિંતન-આત્મચિંતન નિરૂપાયું છે,

કોણ કહે છે બાવનબારો
અત્ર-તત્ર ઊભો છે સુંદર !

અહીં તાત્ત્વિક મીમાંસાને ગઝલમાં પ્રયોજે છે. જગતાતીત અનુભૂતિની આ વાત છે. શરીરના દસ દરવાજાઓ છે. નવ રંધ્ર અને દસમો અગમનો બ્રહ્મરંન્ધ્ર, સૂફી ચિંતનમાં પણ આવી તાત્ત્વિક મીમાંસા જોવા મળ`છે. ખાસ કરીને સૂફીવાદ ભારતમાં આવ્યા પછી ભારતીય અધ્યાત્મની ઘણી લાક્ષણિકતાઓને સ્વીકારી અદકું રૂપ ધારણ કરે છે. ફનાગીરી અને અદ્દલ ફકીરાઇને વળ ચડાવતાં કેટલાક શેઅર જુઓ,

સમજ્યા તો શરમાઈ ગયા રે
ભીંતરમાં ભીંજાઈ ગયા રે
- અંદરના અદ્‌ભુત નેડામાં,
  બની ગયા ઝળહળ બેડામાં
  અંતે સૂરજ ઊડ્યો એવો,
  નામ રહ્યું કેવળ છેડામાં.[૭]
અવાજના સહુ શ્વેત હંસ તો ઊડી જવાના,
અરે ! અરેરે ! અર્થોએ ઘર લૂટ્યું છે દરવાજો ખોલ !

અહીં જીવનની નાશવંત હકીકતની આડશે અરે ! અરેરે ! જેવા આશ્ચર્યવાચી શબ્દ પ્રયોગથી  પરમચેતનાની અલૌકિક અને દિવ્ય અનુભૂતિને વર્ણવવાની કવાયત જોવા મળે છે. ઇશ્કે ઇલાહી સાથેનું મિલન ક્ષણિક છે એના ગયા પછી પાછું એજ દર્દ- વિરહ અને તડપ! શ્યામ એવી જગતાતીત અનુભૂતિને શેરમાં આલેખે છે,

પાણીનાં પગલાં જેમ તમારું વહી જવું,
અંદર હવે હું એકલો દરિયો વિશાળ છું !
- કઈ રીતે ઈનકાર કરવો,
  હું પણું પણ આપણું છે !
- મહેંક આવીને મને વળગી પડી,
  ફૂલ જોડે શું ભલા ઝગડો હશે ?
- સાંજ શણગારો અગર સૂના રહો,
  સૂર્ય તો ચાલ્યો ગયો સોંપી સકળ !

આત્મતત્ત્વને ઓળખી જનાર સાધક માટે જગત અસાર બની જાય છે. તેના માટે લૌકિક આચાર-વિચાર અલૌકિકતામય બને છે. ‘હું’ અને ‘તું’ એવા ભેદને તે અભેદ બની ‘આપણે’ કહે છે જે પૂર્ણ ફનાગીરી કે બાદશાહત સૂચવે છે. એના માટે પળ-પળ આનંદાનુભૂતિને બેવડાવતી બની જાય છે. એક અદ્દભુત મસ્તી, નશો અને ભાવાવેશમાં તે ડૂબી જાય છે. ‘સૂર્ય’નું પુરાકલ્પન ‘પ્રકાશ’ અને ‘ભાવાવેશની તીવ્રતા’ નો સાંકેતિક સ્પર્શ ગઝલમાં કંડારે છે એ શ્યામ સાધુની રચનારીતિનો ઉત્કૃષ્ટ નમૂનો છે. શ્યામની બહુધા ગઝલોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે તો ક્યારેક તટસ્થભાવે અનલહક્ની મસ્તીનાં ગુણગાન થયાં છે. સનાતની અલગારીપણું અનુભવાય છે. પરમતત્ત્વનો સાક્ષાત્કાર થવાની જગતાતીત સંવેદના ગઝલ સ્વરૂપને વાસ્તવમાં માશુકીયત અને મસ્તીથી તરબોળ કરી દે છે. તેમના સર્જક ઉન્મેશના શેર જોઈએ,

એનો મહિમા તારું હોવું,
એ જ એકલો, એ જ અનલહક !
હતી સંગત અને એક રંગ છલકેલો,
હવે બેકાર ઠાલું જગ અને બેઠાં !

અહીં અલગારીપણાંનો ખુમાર છે, સૂફીરંગનો આવિર્ભાવ છે. હા, કોઈ ભાવકને એ નરસિંહનો ભક્તિ રંગ, મીરાંનો પ્રેમરંગ કે સોરઠી સંતોનો ભજન રંગ લાગી શકે પરંતુ જ્યારે ગઝલની વાત થાય છે, ગઝલનાં રૂપની, અનુબંધની, ગઝલીયતની, તગઝ્ઝુલની અને તસ્સવ્વુફની ભાવના આવતી હોય, જ્યાં કોઈની સંગતમાં ‘છલકવાનો રંગ’ હોય તો તે ‘સૂફીમસ્તી’ જ હોઈ શકે ! અહીં સાકારની વાત નથી. મીરાં અને નરસિંહ માટે કૃષ્ણ સાધ્ય છે, ત્યાં પ્રેમોર્મિ સાધન છે. જ્યારે સૂફીતત્ત્વ ચિંતન નિરાકારને, સર્વસ્વને પરમચેતનાનો અંશ માને છે, અલબત્ત મારો કહેવાનો આશય એમ નથી કે માત્ર સૂફીરંગમાં જ આ રીતની વાત છે.

'ભારતીય અધ્યાત્મ તો સૌથી પ્રાચીન ફિલોસોફીને વ્યકત કરે છે.' સૂફી લક્ષણોમાં ફના- સમર્પણ અને 'અનલહક' તેજ હું છું' ની વ્યંજના શ્યામ સાધુમાં કંઇક આમ પ્રગટે છે,

આંખની સામે ભલે તું દ્રશ્ય જો,
સાંભળ્યું છે : એ ય નિરાકાર છે !
અહીં શ્યામ સાધુ પરોક્ષ રીતે કથન કરે છે,
ઝરણાં પહાડ, ખીણ અને વૃક્ષની લીલા,
જોતા રહો નિસર્ગને કેવળ નિઃશેષમાં.
- હું મરજીવો, તુ મરજીવો મોતી માટે,
છોડ સકલ બકવાસ, યાર ! તું યાર બની જા.
- અઢળક થઈને ઓળખ આપે,
'શ્યામ' મને સમજાઈ ગયા રે.
- શું રજકણ, શું સૂરજ 'સાધુ'
બધે હૃદયથી નિસાર થઈ જા.
- વેળાનો આ અનહદ અવસર
સાંજન આવ્યા ખુદ તેડામાં.
- ખોવાઈ જઈને શ્વાસના કોલાહલો મહીં,
વિહ્‌વળ થનારી કોઈ હવે પળ નહીં ગમે.

શ્યામ સાધુનો મસ્તીરંગ પોચટ નથી પણ નરસિંહના પ્રેમ- આરતના વારસાને ઝીલનારો અસલ ફકીરી રંગ છે. એમાં કબીરના નિર્ગૂણીવાદનો ઊભરો ય છે તો મીરાંની પ્રેમદીવાની ભાવ પરંપરા પણ છે. એમાં સાધુતાનો જગતાતીત સન્નિવેશ ભર્યો પડ્યો છે. સૂફીવાદના દાર્શનિક નિરૂપણ સાથે સંસારની અસારતા, કર્મકાંડ, મિથ્યાડંબર, ધર્માંધતા, માનવ- માનવ વચ્ચેના વૈમનસ્ય, ઉદાસીનતા, વાસ્તવ જગતની સુંદર- અસુંદર સ્થિતિઓ કે રમ્ય- કરૂપ ભાવસ્થિતિઓને આ કવિ પોતાની આગવી દૃષ્ટિએ નિહાળે છે. આવો પ્રયોગ આધુનિક કાવ્યનિર્મિતી તરફ તાકે છે. પરંતુ સૂફીચિંતનમાં પણ આવી વિ-ભાવનાઓ જોઇ શકાય છે. એવા વ્યંગ્યાત્મક અને કટાક્ષપૂર્ણ અવસ્થાને વર્ણવતા શેર જોઈએ,

ઘર બાંધી ઈંટોને રોડે,
આરસની તકતી મૂકે છે.

આવા માનવને પરમચેતનાની યાદ ક્યાંથી આવે ? તે અંધકારમય જીવનમાં સપડાયો છે. ને શ્યામ લખે છે,

અંધારાને ક્યાંથી મળશે ?
રાતું, પીળું, ધોળું પંખી !

અહીં 'અંધકાર' ધર્માંધતા જડ- રૂઢિઓને તથા માનવ- સમાજની અજ્ઞાનતાને પ્રતિકાત્મક રીતે નિર્દેશે છે. અંધકારમાં કંઈપણ દૃષ્ટવ્ય હોતું નથી. અહીં 'પંખી' નું કલ્પન પરમચેતના માટે વપરાયું છે જે માશુકીયતને સ્પર્શે છે. જ્યાં પાખંડ હોય, રૂઢિગત અંધશ્રદ્ધા હોય ત્યાં રંગીન પરમાનુભૂતિનો પરિચય થવો મુશ્કેલ છે. અભાગી માનવ કે જે પોતાના ઈશને ભૂલી જાય છે. અહીંનો સંબંધ કેવો છે એનું સરસ દ્રષ્ટાંત જુઓ,

માત્ર મળીએ એટલો સંબંધ છે.
દ્વાર ખુલ્લાં છે અને ઘર બંધ છે !

આ નૂતન સમાજનું વરવું ચિત્ર છે. સંસાર અને સૃષ્ટિનાં ચિરંતન તત્ત્વો, સત્ય- અસત્ય, ધર્મ-અધર્મ, પ્રકાશ- અંધકાર અને અદ્વૈત- ભેદમાં પળતાં રહે છે. આજની દુનિયાની વાસ્તવિકતાનાં અહીં વરવાં દર્શન થાય છે. મનુષ્યના મનમાં જે કામના હોય છે, ઈચ્છા-વાસના હોય છે એ એના સૂફીરંગને અવરોધક બને છે,

કામના જાણે કે બીજી કાંચળી,
પ્હેરતાં ઉતારતાં વખ ખાઉં છું

આધુનિકતાની અસર તળે લખાયેલા કેટલાક શેર નગર સંવેદનાની ઓછપ અને વિચ્છૃંખલતાને નિર્દેશે છે,

આ શહેરની પીઠ પર પણ સોળ છે,
હું કહું છું : આ શહેરમાં આવ મા !

અહીં શહેરમાં અંધાધુંધી, અરાજકતા, અશાંતિ અને વિષમતાને 'પીઠ પરના સોળ' ગણાવી સુંદર વક્રોકિત ઉપસાવી છે. એ શહેરમાં નહીં જવાનું કવિ કહે છે એ પ્રતિકાત્મક રીતે પોતાના દિલબર' પરમ ઈશ્વર માટે ય લાગુ પડે છે. સમાજની માનવતા વિહિન મનોદશાનું હૃદયસ્પર્શી ચિત્ર જુઓ,

માણસ ભીની મહેંક નથી પણ અફવાઓ છે,
માણસ, માણસ વચ્ચે માણસ ખોવાયો છે !

માનવ- માનવ વચ્ચેની વિસંવાદિતા, સંબંધોમાં ઉણપ અને અવિશ્વાસની વાત અહીં સ્પષ્ટ થતી જોઈ શકાય છે. ઈશ્કે મિજાજીને લઈને જોવા મળતા અંતરાયો, આડો વગેરે અનેક રૂઢિવાદી પરંપરાઓ ઈશ્કેહકીકીને પણ કનડે છે,

એ જ તો રસ્મો, રિવાજો પ્રેમ પર કાયમ પહેરો.
લાગણીની વાત ના કર, સાવ બેપરવા શહેરો !

સંસારમાં ચારિત્ર્યવાન બની રહેવું દુષ્કર બની રહે છે. અહીં રહેલાં દુન્વયી તત્ત્વોથી ચેતતા રહેવાનું એજન બોધાત્મક બનતાં ય કલાને સ્પર્શી રહ્યું છે. શેર જુઓ,

ઝૂકી ગયેલી ડાળ સમી નજરે હરફરજે !
પતંગિયાંઓ શહેર મહીં પણ અલગ મળે છે.

સમષ્ટિમાં રહેલ ધર્માંધતા, કુરૂઢિઓનું વિષમ ચિત્રાંકન વ્યંગ્યભર્યા કટાક્ષમાં શ્યામ સાધુ નિરૂપે છે,

અંધ શે આકારથી ઝગડે નહીં,
દોસ્ત, પથ્થર કઈ રીતે બબડે નહીં !

મૂર્તિપૂજા તરફની જન સામાન્યની શ્રદ્ધા- વિશ્વાસને અંધ વ્યક્તિઓ, જેમ એક આકારને લઇને પરસ્પર લડાઇ કરે એવું તિર્યક વક્રોક્તિ સાથેનું નિરૂપણ કલાતત્ત્વનો ભવ્ય વિનિયોગ દર્શાવી આપે છે.

આધુનિક ગઝલમાં મીનાક્ષી ચંદારણાનો એક શેર જુઓ,

હૂંફના ગરજાઉં એવા થઈ ગયા,
નિત નવેલા ઘા અમે ખમતા રહ્યા.

(ગઝલવિશ્વ, જુલાઇ-૨૦૦૮, પૃ.૫)

આ ‘હૂંફ’થી વિખૂટા પડેલા શ્યામની અભિવ્યક્તિ વ્યંગ્યપૂર્ણ બનીને કહી ઊઠે છે,

પથ્થર પાસે પુષ્પ રડે છે, પવન બાપડો શું બબડે છે !
હોવું, હોવું કરતાં કરતાં જ્ઞાની ઠાલા શું ગગડે છે ?

‘પુષ્પ’નું કલ્પન માશુકીયતને નિરૂપે છે. મૂર્તિમાં, મંદિર- મસ્જિદમાં પરમ ચેતનાને શોધવાના સામાન્યજનના ધરમીવેડાનો છેદ ઉડાવતા સર્વસ્વમાં કણ-કણમાં રહેતા પવનરૂપી પરમતત્ત્વની, એના તરફની સંવેદનાને ‘બબડે છે’ ક્રિયાસૂચક શબ્દ દ્વારા અખાના છપ્પાની વ્યંગ્ય છટા ઉપસાવી દે છે. અહીં બધે જ ભગવાન છે, મંદિર મસ્જિદ કે ધર્મસ્થાનમાં એવી વાત કહેતા જ્ઞાનીઓને નિરર્થક ગણી ‘ગગડે છે’ કાફિયા દ્વારા નિષ્ફળ થતા નિરૂપ્યા છે. સાથે સાથે કવિ સંસારની સ્વાર્થપરક વૃત્તિ તરફ અંગુલીનિર્દેશ કરતા મધુર સંબંધોના ગુણગાન પ્રતિકાત્મક રીતે કરે છે,

અહીં બધા નિજની કથા વાંચ્યા કરે, સાંકડા સહવાસ વચ્ચે આપણે !

જીવનમાં ક્ષણભંગુરતાનો ખ્યાલ એક સૂફી બંદાની દૃષ્ટિમાં સદાને માટે રહેતો હોય છે, સાથે સાથે મૃત્યુ વિષયક ચિંતન પણ સૂફીચિંતનમાં આવિર્ભાવ પામે છે. જગ અસારતા, ક્ષણભંગુરતા, મૃત્યુ જેવી અવસ્થાઓને શ્યામ સાધુ ગઝલોમાં કંડારે છે,

આ માટીની મહેફિલમાં મહેમાન હતો હું,
'સાધુ' કેવી દરવેશી રજૂઆત કરે છે !૯

માટીની મહેફિલ', 'મહેમાન' અને 'દરવેશ'નું ત્રિપરિમાણીય નિરૂપણ જીવનની ક્ષણભંગુરતા અને નશ્વરતાની પ્રતિતિકર રજૂઆત સૂફી ફનાગીરીનેય આબાદ ઉપસાવે છે. શ્યામની સર્જક પ્રતિભાનો આ શેર ઉત્કૃષ્ટ નમૂનો કહી શકાય.

ક્યારેક આ અલગારી શાયર એક ધર્મોપદેશકની છટાથી જીવનના સનાતન સત્યને-વૈદિક, ગીતા-સારને ગઝલના શેરમાં ગૂંથીને અધ્યાત્મ દર્શનનો ભવ્ય પર ઊભો કરતાં લખે છે,

કોણ અહીં કાયમ રહેવાનું,
વણઝારા શો વિચાર થઈ જા !

અહીં 'વણઝારા'નું વ્યક્તિવાચક 'કલ્પન' જીવનની સૂક્ષ્મ અવલોકના પછી આવેલી કાવ્ય છટાને વ્યકત કરી આપે છે. શ્યામની અલગારીયતનો ભવ્ય ઉદાત્ત કાવ્ય સંસ્પર્શ આ શેરમાં પ્રગટે છે.

સત્ય છે, ધુમ્મસ નર્યું છે !
શ્વાસ પણ અંતે સમય છે !૧૦

શ્યામ મૃત્યુને ય અમર કરી દે એવી ફકીરાઇ દાખવે છે. મૃત્યુથી પોતાના તનનો અંત થઇ જશે પરંતુ આ સંસાર પણ ક્યાં ચિરંતન છે એની ચોટ દર્શક રજૂઆત જુઓ,

મારું મરણ ક્યાં એકનું મારું મરણ હતું,
સંસાર, આંખ મીંચી તો નશ્વર બની ગયો !

મૃત્યુની ફિલસૂફીનેય સૂફીરંગથી માશુકીયત બક્ષે છે, શેર છે,

કેટલી મજબૂત ઘેઘૂર વાત છે,
શ્વાસ કૂણી ડાલ શા બટકી પડે !

તો મૃત્યુની અહોભાવ સમી પ્રતિકાત્મકતા નયનરમ્ય બની સંવેદનાને વળ ચઢાવે છે,

સાંજ પડતાં વેત સૂરજ ડૂબવાનો,
જા સ્મરણની છીપની ઝળહળ બની જા !

- જિંદગીના બોજને ઊંચકી લીધો,
હા, મરણ સાચું સહોદર નીકળ્યું !

મૃત્યુનેય આવકારવાની ફકીરી ખુમારી શ્યામ સાધુ જ દાખવી શકે,

શ્વાસના રસ્તા અહીં પુરા થયા,
દ્વાર મૃત્યુનાં કહો તો ખોલીએ.

તો મૃત્યુ જેવી સનાતન અવસ્થાને 'ડાળ પરથી ફૂલ ખરે' એમ માશુકીયત ભર્યુ જીવંત કલ્પન પ્રયોજી, એથીય વિશેષ ફનાગીરીના ઉન્મેશથી, અલગારીયતના ભાવને ગતિશીલ બનાવી કાવ્યતત્ત્વનો ખુમાર પ્રગટાવ્યો છે,

તમને ગમે એ ફૂલ ખરી જાય ડાળથી,
મૃગજળ સમાં ઘણાંય અહીં દ્રશ્ય હોય છે.

શાયરને મન મૃત્યુ એ મૃગજળ સમું એક દ્રશ્ય છે એ ચિત્રાત્મક શૈલી નવ્યનિર્મિત છે. કાવ્યત્ત્વનું સૌંદર્ય છે. મૃત્યુની સરરિયલ અનુભૂતિને મનોદૈહિક જગતાતીત સ્થિતિએ લઇ જઇ રહસ્યોદ્દઘાટન શ્યામ સાધુની અનેક ગઝલોમાં થયું છે.

સૂફી ચિંતનમાં માનવધર્મ એટલે કે સમત્ત્વ, સમભાવ, સર્વ પ્રત્યે સ્નેહ, વૈશ્વિક, ઐક્ય, વિશ્વ શાંતિ, પ્રેમાચાર, જનસેવા જેવા નિર્મળતાના પરોપકારી ભાવ- પુદ્દગલોનું ચિંતન જોવા મળે છે. શ્યામ સાધુની ઉદાસીનતા અને સાધુપણામાં સ્નેહાર્દ અનુભૂતિ સહજ રીતે થાય છે. સંબંધોની સદ્દભાવના હંમેશા વહેતી રહે એવી ગત્યાત્મક રજૂઆત શેરમાં કેવી મુખર બને છે એ જુઓ,

સંબંધની નદીના પ્રવાહો વહ્યા કરો,
સહુને મળીશું કોઇ અકારણ હતું નહીં.

અહીં સંબંધોની નિઃસ્વાર્થ મધુરપ છતી થઇ છે. સંસારને ઉપવનનું કલ્પન નિરૂપી વાસંતી સોડમનું વહાલ મળવાથી દરેક ઘરમાં ફૂલરૂપી માનવનું સપનું ફળ્યાંની વાત માશુકીયતભરી માનવતાને સંકેતાત્મક રીતે ઉકેરી આપે છે. આ શેરમાં પ્રેમરંગનો નાદ દ્રશ્યચિત્રમાં રંગાયો સૂફીરંગ જ છે,

ઉપવનને જ્યારે વહાલ વસંતી મળી ગયું,
હર એક ડાળે ફૂલનું સપનું ફળી ગયું !

અહીં 'વહાલ' પરમાત્મા- માશુકની વ્યંજના, સંબંધોની ઋજુતા, પ્રેમોર્મિની પરવશતા અને માનવતાની મહેંકનો નિર્દેશ છે તો ફૂલ એ એક વ્યક્તિ-સૂફી દરવેશ કે સામાન્ય જનને દર્શાવી આપે છે. ફૂલનું સપનું શું હોય ? એની મહેંકમાં સહુ રસબસ થાય, એની માદક સોડમમાં

જન-જન ઘેલાં થાય !  કણ-કણ સુગંધિત થાય ત્યારે પરિવારરૂપી વૃક્ષની દરેક ડાળ સ્નેહના સૌહાર્દથી પુલકિત થઇ ઊઠે ! આ કવિનો સર્જક ઉન્મેષ શા માટે, હજુ સુધી કોઇ વિવેચકની નજરમાં ન આવ્યો હોય ?

અહીં અશ્રુનાં દ્રશ્યો છે જ અઢળક,
નગર ફૂલો કે ટહુકાનું વસાવો !
- આપના હોવાનો સૂરજ ઝળહળે,
  કઇ રીતે હું એકલું કલ્પું નગર ?
- પ્રેમ સમું પકડી લે 'સાધુ',
  છોડી દે સઘળી તું રકઝક.

ઉપરોક્ત શેઅરોમાં પ્રેમની સનાતનતા અને તેની ઉપર્યુક્તતા નિરૂપી છે. અહીં બુદ્ધની કરૂણા યાદ આવે, ઇશુની પ્રેમોર્મિ છવાય અને મહાવીરની અસીમ શાંતિનો સંતપર્ક અનુભવ થાય છે. સંસારની વિષમતા, અંધાધૂંધી અને અરાજકતામાં પ્રેમ પ્રકાશ જ રકઝકરૂપી અંધકારને દૂર હટાવી  સૌહાર્દભર્યા જીવનનાં ફૂલો કે ટહુકાઓ સર્જી શકે છે.  શ્યામ સાધુનો આવા સૌમ્ય જીવન માટેનો આશાવાદ અફર છે. ઉદાસી અને સંતાપભર્યા જીવનને માટે પાનખરનું કલ્પન વ્યંજના પેદા કરે છે. શેર જુઓ,

ધારો તો પાનખરને નવી મહેંક સાંપડે,
ધારો તો સૂની યાદનું સગપણ બની શકે !

અહીં પાનખર અને નવી મહેંક એ અનુક્રમે 'અજંપાના સંસાર' અને 'માશુકીયતના પ્રેમ' રૂપે કલ્પન બન્યાં છે. 'સુની યાદનું સગપણ' એ ચિરંતન પ્રેમ કે માનવતા કે સૂફી મસ્તીની મેટાફિઝીક્સ (મનોદૈહિક) નિરૂપણ કલાનાં ભવ્ય- ઉદાત નમૂના છે. ઉમાશંકર જોષી 'વિશ્વ શાંતિ'ની પ્રસ્તાવનામાં લખે છે, 'જીવનનું નિયામક તત્ત્વ પશુબળ નહિ પરંતુ પ્રેમ છે.' એ પ્રેમની સંકલ્પના શ્યામ સાધુના ગઝલ- કર્મમાં ઝળહળતી દેખાય છે. સાંપ્રતિક મોહભંગ, વર્તમાનની ભયાવહતા, ઉદાસી વૃત્તિ અને આત્માન્વેષણ જેવા અનુ આધુનિક સાહિત્યના સંપ્રત્યયો વચ્ચે 'અનલહક' ના નારા સાથે સૂફીરંગનું સંકેતાત્મક નિરૂપણ, ભારતીય- ગુજરાતી અધ્યાત્મ પરંપરાની આડશે ક્યારેક મુખર થઇને તો ક્યારેક ભીતરી ગહનતામાં અભિવ્યક્તિ પામ્યું છે. શ્યામની ગઝલોનો હકારાત્મક સૂર એમાં જ સ્થિરત્વ પામ્યો છે. 'સૌતન' ફિલ્મનું  પેલું ગીત છે ને,

'જિંદગી પ્યાર કા ગીત હૈ ઈસે હર દિલ કો ગાના પડેગા.
જિંદગી ગમ કા સાગર ભી હૈ, હંસકે ઉસ પાર જાના પડેગા.'

**૫.૩.૧ શ્યામ સાધુનું સર્જક- કર્મ અને ભાષા-કર્મ : ( સૂફીરંગના સંદર્ભે)**

"ગુજરાતી પરંપરિત ગઝલમાં અનુ આધુનિકતાના સંસ્પર્શ વચ્ચે શ્યામ સાધુ જેવા અલગારી- ભભૂતિયા શાયર 'આઝાદ ગઝલ' જેવો પ્રયોગ કરીને અળવીતરાવેડું કરવા માટે જાણીતા છે. તેમની ગઝલને 'આઝાદ ગઝલ' એવી સંજ્ઞા હનીફ સાહિલ આપે છે."[૧૧] આ ગઝલને 'આઝાદ' કહેવાય કે પ્રયોગશીલ કહેવાય એ ચર્ચાનો વિષય છે એનો એક શેર છે,

દોસ્ત, મૃગજળની કથા વચ્ચે તમે છો,
આ જુઓ અહીંયાં તરસ, ત્યાં વાદળી ઊંચે ચડી છે.

અહીં 'દોસ્ત' એવું મિત્રવાચક નામ પોતાના દિલદાર ઇશ્કે ઇલાહી માટે વાપરીને ભાવનાત્મક સંબંધનો દોર શરૂ થયો છે. પરમતત્ત્વની જ્યાં સુધી અનુભૂતિ નથી થતી ત્યાં સુધી એની ઝંખના, ઝુરાપો, ઇબાદત મૃગજળની કથા જેવાં છે ! અહીં રહસ્યતત્ત્વનો ગહન- ગેબી અવાજ છે તો બીજી પંક્તિમાં પોતાની તરસ, વ્યથા, આરઝૂને આકાશની વાદળી સાથે સરખાવીને એક ભવ્ય જકસ્ટાપોઝ રચી આપે છે. 'વાદળી'એ નૂરાની સુરાહી, શરાબ અને ફનાના નશાને નિર્દેશે છે. તો અન્ય અર્થમાં એ પરમતત્ત્વની અનુભૂતિની દ્યોતક માશુકીયત અને બ્રહ્માનંદ- નિજાનંદની સંકેત સૂચક બની રહે છે. અમૃત કેશવ નાયકનો એક શેર જુઓ,

આંખોથી વહે છે ધારા, તોય જિગર બળે છે,
ચોમાસે ભરપૂરે, આકાશનું ઘર બળે છે !૧૨

કવિતાને જીવાતુભૂત તત્ત્વ ગણી જીવી ગએલા આ કવિની ઊંડી સર્ગશક્તિ અને અભિવ્યક્તિની આગવી, ઋજુતામૂલક સમજથી થયેલું કવિ કર્મ તેમની પૂર્ણ ગુજરાતી શિષ્ટ ભાષામાં અવતર્યું છે. તેમના સર્જક વિશેષથી ભાવ-ભાષાની રજૂઆત, કથયિતવ્યની સચોટતા સાથે નીખરી આવતી ભાષાની કુમાશ અને પ્રવાહબદ્ધ રચનાવિધાનથી ઊભરી આવતાં કાવ્ય કલાનાં ઉત્તમ ઉદાહરણો એમની સૂફી- રહસ્યવાદી ગઝલોમાંથી મળી આવે છે. એમનો સર્જક ઉન્મેશ જુઓ શેરમાં કંઇક આ રીતે નિરૂપાયો છે,

એક ભીની મહેંકના અહેસાસ અંગે,
દોસ્ત, ગઝલો હોય છે, રંગીન જેવી !

ગઝલના રંગે તગ્ગઝ્ઝૂલનો અહેસાસ ભીની મહેંક સાથે સાંકળીને પ્રેમોર્મિ ભરી માશુકીયતનો નીખાર અહીં ઊભરે છે. ગઝલનું ગઝલત્ત્વ એક નશાને, મયને અળપીને વિકસતું હોય છે. આપણા શ્યામ સાધુ પ્રયોગધર્મી ગઝલકાર છે. પરંતુ સંજુવાળા નોંધે છે તેમ, 'ઘર સામે

સરોવર'ની ગઝલો જોતાં એમ કહેવું પડે કે આ પરંપરિત કવિતા છે, છતાં તે અનુકરણાત્મક નથી. અહીં પરંપરાનું અનુસંધાન રચાય છે ખરું, પણ નવસંસ્કરણ પામીને. આવું કામ મોટેભાગે ભાવ સંવેદનના, વ્યાપ માટે ખપમાં લેવાયું છે.' શ્યામ લખે છે,

વાણીના વ્યવહારની વસ્તી સમજ,
શબ્દ અર્થોની સમજ, મસ્તી સમજ.
પ્રાણ મિસરામાં હશે તો બોલશે,
બાકી તો ગાગાલગા, વસ્તી સમજ !

અહીં ગઝલ કર્મની અલાયદી સર્જકતા દૃષ્ટિગોચર થાય છે. શ્યામનો ગઝલના રૂપ-નિધાન અને વસ્તુ સંકલના માટેનો સર્જક મિજાજ સુપેરે જણાઈ આવે છે. વાણી વ્યવહાર, અર્થને ગઝલનાં સ્વરૂપ- બંધારણને મસ્તીની વસતી કહેતા સૂફીરંગનો પ્રાદુર્ભાવ કરી લે છે. આ માટે 'કુંવારા શબ્દ'ની ઉપમા ધ્યાનાર્હ બને છે, શેર જુઓ,

કોઈ કુંવારો શબ્દ ફરીને મયમાં આવે,
તો એક તૂટેલું સપનું પાછું લયમાં આવે.

અહીં સર્જકનો અભિનવ ઉત્કર્ષ છે. શબ્દને 'કુંવારો' કહી સજીવારોપણ કર્યું છે, અને 'મય' એટલે નશો, પાગલપન, ફનાગીરી કે ફકીરાઈ એવા એકાધિક વ્યંજનાર્થ અહીં સૂફીચિંતન તરફ નિર્દેશ કરે છે. સૂફી મસ્તી એ સાર્વજનિક હોવા છતાં સર્વ માટે સાધ્ય નથી. શાયર એને એક તૂટેલું સપનું કહી પ્રતીકાત્મકતા પ્રગટાવે છે. શેર જુઓ,

ટેવના દરિયા તો લીલાછમ ભર્યા છે,
તોય કારણનાં હરણ તરસે મર્યા છે.

અહીં સર્જક ચેતનાનો ચેતો વિસ્તાર સૂક્ષ્મતાને કંડારે છે. આધુનિક કવિતાનો સર્જક સ્પર્શ અહીં કવિતાતત્ત્વની સૌંદર્યશીલ નિર્મિતિની સ્થાપના કરતો જણાય છે. ગઝલમાં અત્યાર સુધી પરંપરિત ઊર્દૂ- ફારસી શબ્દોની પ્રચુરતા જ જોઈ શકાય છે. બાલાશંકરથી લઈને કલાપી, શયદા, શૂન્ય, મરીઝ, ગની, મકરંદ સાંઈ, આદિલ જેવા અનેક ગઝલકારોમાં ઉર્દૂગામી સર્જન રહ્યું છે. પરંતુ અનુઆધુનિક સાહિત્યમાં સુરેશ જોષી અને અન્ય કવિઓ દ્વારા જે પરિવર્તન આવે છે એના પ્રતાપે ગઝલ જેવા માશુકીયતના, પ્રેમોર્મિના અને સૂફી મસ્તીરંગના નાજુક કાવ્ય સ્વરૂપનું અસ્તિત્વ જોખમાય તેવી ભીતિ હતી. તે વખતે આદિલ મનસૂરી, ગની દહીંવાલા, રાજેન્દ્ર શુક્લ અને શ્યામ સાધુ જેવા ગઝલકારોએ તેને પરિવર્તિત કરતા નવી જ ભાષા વાપરી, માશુકીયતના એકાંગી ભાવમાંથી અનેક વિષયો તરફ દોરી ગયા છે. સતીશ વ્યાસ નોંધે છે, અનુગાંધીયુગની કવિતાની

ગતિ 'શુદ્ધ કવિતા' તરફની હતી એથી કવિતાનાં બહિરંગ અને અંતરંગ પ્રત્યે પહેલાં ન દેખાયેલી એવી સભાનતા પ્રકટી, શબ્દ પસંદગી, બાની, લય, વાગર્થનું અદ્વૈત આદિ પ્રત્યે કવિઓ સતર્ક બન્યા. શુદ્ધ સૌંદર્યનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો.'[૧૩] આવી શુદ્ધ કવિતા તરફ શ્યામ ખેંચાય છે.

તેઓ સૂફી પ્રેમોર્મિને પ્રગટાવતા અંધકારરૂપી અજ્ઞાનને સંબોધતા કહે છે,

બોલો હે અંધકાર ! અજંપાની રાતના,
કોને સ્મરણ હું સૂર્ય બની તરવર્યા કરું ?

અહીં રાતના અંધકારને અજંપાનું પ્રતિક કવિની પ્રબળ વિરહાવસ્થાને નિર્દિષ્ટે છે તો સાથે સાથે 'સૂર્ય'નું જગતાતીત કલ્પન અતિસયોક્તિ ભર્યા વ્યંજનાર્થમાં સ્વયં માટે પ્રયોજી એક રહસ્યભેદી પ્રશ્ન પણ પૂછે છે કે 'કોના સ્મરણ'માં હું અંધકારમાં સૂર્ય બની તરવરું છું.? અહીં 'સૂર્યનું' ભૌગોલિક કલ્પન પ્રકાશ તત્ત્વ' કે 'પરમાત્મા' માટે વ્યકત કરતું કલ્પી શકાય. અગર એમ હોય તો અહીં પૂર્ણ ફનાગીરી કે અહં બ્રહ્માસ્મિનો બાદશાહી સૂફીરંગ વધુ તીવ્રતાથી પ્રગટે છે. કાવ્યાત્મક સૌંદર્યનો આથી વધુ ઘેરો ઉન્મેશ ક્યાં જોવા મળે ? કવિના સમકાલીન આદિલ મન્સૂરીનો શેર જુઓ,

ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

આવા કવિતાતત્ત્વને આપણે ત્યાં વિદ્વાનો- વિવેચકોએ ગ્રંથ ભરી-ભરીને પોખ્યું છે. એમાં શ્યામ સાધુનું નામ કદાચ લેવાય છે ! 'ઇશ્કેમિજાજી' અને 'ઇશ્કે હકીકી'ના રૂઢિવાદી ચોખટામાં શ્યામ સાધુની ગઝલોને ન મુકી શકાય પરંતુ તેનો નૂતન આવિષ્કાર કરતું સર્જક- કર્મ ઠેર ઠેર જોઇ શકાય છે. શ્રી જયંત પાઠક નોંધે છે.'

'પ્રયોગના વલણ પાછળ બીજું એક કારણ પણ રહેલું છે. જુના, રૂઢ રચના તરીકાઓથી કવિ કંટાળે છે, થાકે છે. એક જ ચીલામાં ચાલવાથી ભાવ અને અભિવ્યક્તિમાં એક ઘરેડ બંધાઇ જાય છે. જે જાગ્રત કવિઓમાં અસંતોષ જન્માવે છે.''[૧૪] શ્યામ સાધુ પોતાના સર્જકકર્મ અંગે સભાન છે. તેઓ ગઝલના સ્થાયી ભાવ પ્રેમોર્મિ અને સૂફીમસ્તીને જ લઇને ઉત્તમ સર્જન કરવાનો ઉપક્રમ દાખવે છે. સૂફીરંગની આસપાસ સંસ્કૃતિનાં જડ મૂલ્યો, આક્રોશ, ધર્મભીરુતા, સચ્ચાઇનો રણકો, માનવતા, સ્નેહ- સૌહાર્દ અને જીવનની વિષમતાઓને જાળાંની જેમ ઓટવીને ગઝલની રચનાવાદીરીતિને જન્માવે છે. એમના ઉન્મેશનો પરિચાયક શેર જુઓ,

કાંચળી માફક તમારું શ્હેર આ,
મારું હોવું તો હવાની વાતમાં.

શહેરને સાપની કાચળીનું પરિવર્તિત કલ્પન કહીને એની ક્ષણ ભંગુરતાને તથા વિચ્છિન્નતાને નિરૂપે છે તો સામે બીજી પંક્તિમાં સ્વયંનું હોવાનું હવાની વાતમાં કહેતાં ફકીરાઇને સુપેરે વ્યંજિત કરે છે. એવી જ ફનાગીરીની મસ્તીને અભિવ્યકત કરતા શેર જોઇએ,

- નભથી ઘેરાતાં ઘેરાતાં
  વાદળ ઝૂકયાં ઘરમાં છેક !
- તારો વિચાર બારીના પડદે ઝૂલી ગયો,
  દ્રશ્યોનો ભેદ એ પછી દરિયે ડૂબી ગયો.
- સમજણની પેલી પારની દુનિયા અજીબ છે,
  ઉપવન હતું નહીં અને રણ પણ હતું નહીં.
- આ સામે તમને જોયાં તે કૈં હાશ થયું છે,
  બાકી સરનામું તો સાવ ભૂલીને આવ્યો છું !
- હું હજુ એકાંતને પીતો રહું છું,
  શબ્દને સમજાવો, છલકી શકે તો.
- મારી ઉદાસ રાતનાં કારણ મળી જશે,
  ક્યારેક પેલા સૂર્યમાં શોધી ગયો તને.
- તારી નજરમાં જ્યારે અનાદર બની ગયો,
  મંઝિલ વગરનો જાણે મુસાફર બની ગયો !

ઉપરોક્ત શેરોમાં શ્યામ સાધુની મસ્તમિજાજી કવિની સભાન મનોદશા સર્જકતાને પરિમાણે છે. સંજુવાળા નોંધે છે, અનુ- આધુનિકતાના સંદર્ભે એમની કવિતાને મુલવી શકાય તેમ છે. ઘણીવાર કવિમાં આવી કોઇ સંજ્ઞાની સભાનતા ના હોય, અથવા કોઇ વાદ- ચિંતનના નિરૂપણ માટે કવિ, કવિતા ન કરે, પરંતુ કેટલાક સનાતન ભાવ જેમ ફરી-ફરીને દેખા દે, તેમ કેટલાક સંકેતો તારવી શકાતાં હોય છે.' (ઘર સામે સરોવર, પૃ.૧૦) શ્યામની સંવેદનાનાં બિંબો અહીં પ્રગટે છે. નર્યા ફકીરાઇ અને અલગારીયતના ભાવ સાથે સૌંદર્યનો ઉત્કર્ષ પણ પ્રગટે છે. રહસ્યવાદની છાંટવાળી આ દાર્શનિકતા પણ શ્યામની સાધુતાને પ્રમાણે છે. તેમનામાં ગઝલ અને સૂફીવાદના સ્થાયી ભાવ સમા ઝંખના, ઉદાસીનતા અતૃપ્તિ, ઈબારત, પરમ સંતોષ અને કશુંક હાથવેંતમાં હોય તેવી પ્રતીતિજનક અભિવ્યક્તિ સ્વ સાથેનો સંવાદ જેવા મસ્તી અને માશુકીયતનાં રંગો પણ પ્રગટે છે, શેર જુઓ,

એની શેરી તો અઢળક અઢળક,
ત્યાં પહોંચ્યાની શોધી લે તક.
એનો મહિમા તારું હોવું,
એ જ એકલો, એ જ અનલહક્.

શ્યામ સાધુ માટે, કવિ સ્વભાવે જ સૂફી છે.' વિધાન, શ્યામની ગંભીર બિમારી વખતે, સારવાર માટે રાજકોટ આવ્યા ત્યારે તેમની ચોવીસે કલાક નાની અને મોટી કાળજી લેનારા આપણા ગિરનારી રંગના કવિ સંજુ વાળાનું છે. તેમની સમગ્ર કવિતાનું સંપાદન કરનાર પણ તેઓ જ છે. ઘર સામે સરોવર'માં ઓગણીસ પાનામાં 'શ્યામ સાધુની કવિતા : ઉત્તાપ વચ્ચે ઊડતો અબીર' શીર્ષક સાથે વિવેચનાત્મક ચર્ચા કરે છે. એવી વિગતપૂર્ણ ભાષાકર્મ અને સર્જક-કર્મની ચર્ચા અન્ય કોઇ કરતું નથી ! તેઓ લખે છે, શ્યામના ભાષાકર્મમાં કહેવતો- રૂઢિપ્રયોગો, લોકબોલીના લય અને બોલચાલની ભાષા, કથન, પ્રયુક્તિના મરોડ હોય કે સાથે બોલાતા શબ્દની વ્યંજના હોય, ગઝલમાં અભિવ્યક્તિને ધારદાર બનાવે છે. એનો ઊઘાડ જોઇએ,

પ્રેમ કહે છે એની ખુશ્બો અનહદ અનહદ,
ફુલો જેવી ભીની ભાષા શોધી કાઢો.

ગઝલ જેવાં ઊર્મિશીલ નમણાં કાવ્ય સ્વરૂપની ભાષા પણ ફૂલો જેવા મુલાયમ સંસ્પર્શક્ષમ હોવી જોઇએ. શ્રી રાધેશ્યામ શર્મા લખે છે, સાચો સર્જક ભાષાનો આજીવન સંરક્ષક હોય છે - ભાષાને ભ્રષ્ટ થતી રોકીને. જે સર્જકની ભાવમુદ્રાઓને સમાંતરે તત્કાલ પ્રતિબિંબિત કરે છે. તેની ભાવ- ભાવનાનો અવિલંબિત પડઘો છે. અનાવિલ પ્રતિસંવેદન છે.'[૧૫] આ કથનને સાર્થક કરતા હોય તેમ શ્યામ સાધુ લખે છે,

હું જ મારા શબ્દમાં ફેલાઉં છું,
મિત્ર મારા ! પાંપણો ફેલાવ મા !

- પડઘા હતા પરવશદશા પામ્યા,
આ શબ્દ અંતે શી સદા પામ્યા ?

શ્યામ સાધુનું શબ્દ ભંડોળ ગઝલ સ્વરૂપના રૂપનિધાન અને સ્વરૂપને અનુલક્ષીને થયું છે. સંજુ વાળા નોંધે છે, ઉન્માદની અવસ્થાએ ચિત્તમાં થતી ઝીણી-ઝીણી હલચલની આ કવિતા છે. અજાગ્રત મનમાં ઊઠતાં અને પછીથી જાગ્રતમાં આવી આછરતાં આંદોલનનાં સૂક્ષ્મ વલયોની આ કવિતા છે. રહસ્યમય રંગોમાં વિસ્તરતાં અજાણ્યાં વિશ્વોની અને આંખ સામે ઊભરાતાં વાસ્તવદર્શી મનોભાવની આ કવિતા છે. આ રહસ્યલોક, આ મથામણ અને નીખરી આવેલી

શબ્દ સંકલ્પના, તેમની ગઝલોના આગવા ગુણ છે. તેમની ગઝલોમાં ઉદાસી, અભાવ, ન્યૂનતા અને અસમર્થતાનો ભાવ હોય કે સૂરજ, ફૂલો, મહેંક, હવા, રંગ, મય, ખુશ્બુ, માટી, જૂઇ, ચીસ, વાદળી, ધુમ્મસ, વ્હાલ, પ્રેમ, રકઝક, પંખી, પવન, મુક્તિ, સાધુ જેવા શબ્દો હોય તેમાં ભાવ, કલ્પન, પ્રતીકો વારંવાર ડોકાયાં કરે છે. સૂફી રહસ્યવાદનો પ્રાદુર્ભાવ કરતાં આભાસ, ટેવનો દરિયો, તરસ, હરણ, સૂર્ય, સૂની યાદ, સ્મરણ, તડપ, રઝળવું, આષાઢ, મય, પ્રતીક્ષા, ફોરમ, રણ, દીવાના, અજંપો, વિવશતા, ચાહ, અજીબ, કમળ, છલકવું, પવન, ફૂલ, ભેદ, ડૂબવું, સ્પર્શ, યાયાવરી, કશુંક, કંઇક, વિસ્મય, દિવસોનાં પંખી, વિહવળ, પળ, અવસાદ, વરસાદ , જૂઇ, મહેંક, ખુશબૂ, ગંધ, ઝંખના, પીવું, છલકે, પાંપણ, વ્હાલ, વસંતી, ખચિત, દરિયો, હોડી, અજબ, ઝળહળ, સાંજ, અંધકાર, ઉજાસ, સફર, રઝળવું, કોમળ, તરસ, સાગર, ઝાકળ, લાગણી, અબોટ, રૂપરંગ, નયન, અશ્રુ, મુલાયમ, મુસાફર, મરણ, ગુફતગુ, પ્રણય, દોસ્ત, મસ્ત, તસતસ, અનલહક્, હક, નશો, પુષ્પ, વણઝારા જેવા કેટલાય શબ્દો સૂફીરંગને પ્રગટાવે છે. શ્યામની ગઝલોમાં પરંપરાગત ઉર્દૂ- ફારસી શબ્દો જવલ્લે પ્રયોજાય છે. એના યે કારણ હશે. આધુનિકતાનો ઘણેક અંશે સ્પર્શ જોવા મળે છે જે પ્રયોગશીલ ગઝલ તરફનો દિશાનિર્દેશ જણાય છે તેમ છતાં તેમની ઉત્તરાર્ધની ગઝલોમાં પરંપરાગત કેટલાક ઉર્દૂ શબ્દો મળી આવે છે. જેમ કે, નજાકત, નશો, મય, ગુફતેગુ, ગમખ્વાર, મસ્ત, ખુશ્બો, ખયાલ, નૂર, મહેફિલ, દરવેશી, આફતાબ, જિંદગી, અસબાબ, બકવાસ, યાર, સજન, પ્રેમ-અગન, ખુવાર, નિઃસાર, અનલહક, તસ્સવ્વુર, રોનક, ઇતબાર, છાપ- તિલક, મિજાજ, દરવાજો, મંઝિલ, નજર, પ્યાસ, દિલદાર, મુકામ, મૌસમ, કિસ્સો, અહેસાસ જેવા ઉર્દૂ- ફારસી- હિન્દી ભાષાના શબ્દો સૂફીરંગને નિપજાવવામાં માધ્યમ બન્યાં છે.

સોરઠી ભજન પરંપરાના અને તળપદી બોલીના કેટલાક શબ્દ પ્રયોગો શ્યામ સાધુના વિશિષ્ટ ભાષા કર્મની વિલક્ષણતાને પ્રગટાવે છે. ગઝલમાં આવા રૂઢિગત શબ્દો પ્રયોજીને ગઝલને વાસ્તવમાં પ્રયોગલક્ષી બનાવી છે. શેર જુઓ,

અહીં અશ્રુનાં દશ્યો છે જ અઢળક,
નગર ફૂલો કે ટહુકાનું વસાવો.

- જિંદગી પોતે ગઝલ છે,
આવ લખ, એનો સહેરો !

અશ્રુ, અઢળક, ફૂલો, ટહુકા, સહેરો જેવા શિષ્ટ ગુજરાતી શબ્દોમાં ગઝલના સૂફી ચિંતનનો સ્વર પ્રગટાવતી શબ્દચેતના જોઇ શકાય છે. તળપદી ભાષાના, કુંવારો, ખખડે, રખડે,

મૂંગોમસ, પણે, લડાવો, રકઝક, પગલાં, સમયજી, કૂવો ગળાવો, પાતળું, તરબોળ, રઝળી, આછર્યાં, નાચ્યો, ચપટી અમથી, ધૂળ, દઇ દીધું, ભટકું, વાવી, છલકી- છલકાવી, બદલાવી, ડૂબી ગયો, ઝૂલી ગયો, પ્હેરી લેવું, લાલનો એક્કો ! હોવું, ભોળું પંખી, ઓઢી કળવું, છળ જેવાં કેટલાંય નામપદો અને ક્રિયાપદવાચી શબ્દ પ્રયોગો ગઝલમાં નિયાજોયા છે. રૂઢિપ્રયોગો, શબ્દ, સમૂહો અને સામાસિક શબ્દ પ્રયોગો પણ જોઇ શકાય છે. સ્વામી આનંદ લખે છે. હું મોટે ભાગે ચોખલિયા સાક્ષર વર્ગની અણમાનીતી એવી ગઝલ- શૈલીમાં મારા મનના ભાવ આવેગની અભિવ્યક્તિ શોધતો હોઉં છું. જનતાની જીભે વસે તે શબ્દ સાચો ને નરવો. એ જ પ્રાણદાયી ભાષા ખોરાક છે ને જનસમાજ શરીર.''[૧૨] શ્યામ સાધુ વાસ્તવમાં જનસમાજની અને ગુજરાતી શિષ્ટ ભાષાના સફળ ઉપયોગથી ગઝલોને ભાવના પ્રધાન, સુગ્રંથિત, રૂપકાત્મક અને સૂફીરંગના આવિર્ભાવથી બળુકી બનાવી નિરૂપી શક્યા છે. અનેક રીતના શબ્દ સંદર્ભ, શબ્દોની વ્યંજના, વ્યવહારુ ભાષા, સોરઠી, તળપદી બાની, અલંકાર- રૂપક, ઉપમા, સજીવારોપણ અને અતિસયોક્તિ જેવાનો ભાષાકર્મનો સુચારુ વિનિયોગ કરવામાં પણ સફળ રહ્યા છે.

**૫.૩.૨ સૂફીરંગી ગઝલોમાં સ્વરૂપ- બંધારણ અને શૈલીગત ચર્ચા :**

શ્યામ સાધુની સમગ્ર ગઝલ  જોતાં એમાંથી બે બાબતો નોખી તરી આવે છે, એક તેઓને 'કશાક'ની સતત ઝંખના છે. એ રહસ્યમયી વિચાર એમની ગઝલોમાં વારેઘડીએ ડોકાય છે. બીજું તેઓ ગઝલના કાવ્ય સ્વરૂપ તથા સ્વરૂપ અને બંધારણના ખૂબ અભ્યાસુ છે. પારંપારિક ગઝલના કુંડાળામાંથી નીકળીને અનુભવની સાધારણતા અથવા કવિતાત્ત્વનો વિનિયોગ કરવામાં માને છે. ઉર્દૂ- ફારસી જેવી 'ગઝલની ભાષા'ને અતિક્રમી સામાન્ય અનુભવ અને લોકમુખેથી વહેતી બોલીમાં ગુજરાતી, સોરઠી, અંશત : ઉર્દૂ- ફારસી જેવા શબ્દો હેળવી- ભેળવી એક 'વર્ણશંકર' ભાષા પ્રયોજે છે. અલબત્ત, અહીં પૂર્વેના ગઝલકારો કરતા તેઓ બે કદમ આગળ રહીને ગુજરાતીગિરાને જ વધુ મહત્ત્વ આપે છે. એ નોંધપાત્ર ગણી શકાય.

ગઝલ અંગે રાધેશ્યામ શર્મા લખે છે, મત્લાથી મક્તા સુધીની યાત્રામાં ભાવક કોઇ સર્‌રિયાલિસ્ટ ચમત્કૃતિપ્રદ લોકની મુલાકાતનો રંગદર્શી અહેસાસ પામે છે. જેમાં વિસ્મય અને રહસ્યનો વણાટ થયેલો હોય છે.' અહીં ગઝલના રચના વિશ્વ, વિષયોની ગૂંથણી, ગઝલનું તગ્ગઝ્ઝૂલ તથા બંધારણ અને શૈલીના સંકલનની વાત છે, શ્યામ સાધુની મોટાભાગના ગઝલોમાં ચમત્કૃતિ અને રહસ્યવાદનો રંગદર્શી ઉન્મેષ 'ગુજરાતી' બનીને વહે છે. એમની શૈલી ચિત્રાત્મક છે, રંગદર્શી છે અને સ્વસ્થ- રોમેન્ટિક છે. લૂખ્ખી પ્રેમપરવશતા અને લાગણીવેડાનો સદંતર

અભાવ છે. એમના પૂર્વસૂરિઓની ગઝલોમાં સાકી- સનમ, સુરા, શમા- પરવાના, નૂર- ઇલાહી, ઇબાદત- ઝંખના જેવા સૂફીરંગના પરંપરિત સંપ્રત્યયો પ્રચુરતાથી વપરાયા હતા. આવી ‘રોમેન્ટીક શૈલી’ને પરિવર્તિત કરવાની તથા ગઝલના એક પોતીકા ભાવ-વિશ્વને પ્રગટાવવાની ઇમાનદાર અભિવ્યક્તિ શ્યામ સાધુ દાખવે છે. એમની ગઝલો રૂઢિગત ઢાંચામાં રહીને નવ્ય- સંવેદના પ્રગટાવે છે. ગઝલનું રંગે તસ્સવ્વુફ પ્રગટાવવાની મથામણમાં અલ્લડ સર્જકનો મસ્ત મિજાજ, રજૂઆતની રંગદર્શી રીતિમાં છતો થાય છે, શેર જુઓ,

ફૂલ તણાં છળ કળી જાય ફોરમ,
વ્હેતી હવામાં ભળી જાય ફોરમ.
- કમળ જેવું કશુંક વાવી દીધું છે.
નર્યાં રણનેય છલકાવી દીધું છે.
- અષાઢે ગભરાઈ ગયું છે,
સાત અશ્વનું ભોળું પંખી.

અહીં આપેલા શેરમાં પ્રાકૃતિક અને ભૌગોલિક પરિવેશમાં માશુકીયત, પ્રેમોર્મિ, સૂફી મસ્તી રંગ અને રહસ્યચિંતનને નિરૂપવા કલ્પનરૂપ બક્ષ્યું છે. ફૂલ, ફોરમ, હવા, ભળવું, કમળ, રણ, છલકવું, આષાઢ, ગભરાઈ, સાત અશ્વ, પંખી અને ‘કશુંક’ જેવા શબ્દો ગઝલમાં ચિત્રાત્મકતાપૂર્ણ સંકેતાત્મક સર્જક સ્પર્શ પામ્યા છે. જે તેમની રંગદર્શી શૈલીનો ‘પૂર્ણ ગુજરાતી’ વિનિયોગ ગણી શકાય. સૂફીરંગની પૂર્ણ વિભાવનાને તાકતા શેર જુઓ,

- ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે,
ક્યાંક તારી યાદની મૌસમ રડી છે !
- સ્વપ્ન પણ કેવું બરોબર નીકળ્યું,
મારા ઘર સામે સરોવર નીકળ્યું !
- એક જૂની વાતનો દરિયો મળ્યો,
મસ્ત, તસતસતો મને કિસ્સો મળ્યો.
- છાપ- તિલક અબ ક્યા કરનાજી
અંદર અંદર તાલી લાગી !

ગુજરાતી ગઝલોમાં ‘આઝાદ ગઝલ’નો પ્રયોગ સૌપ્રથમ શ્યામ સાધુ કરે છે. ‘ક્યાંક ઝરણાંની ઉદાસી ગઝલમાં છંદ, ગાલગાગાના આવર્તનોમાં છે, પ્રથમ પંક્તિમાં ચાર અને પછીની

પંક્તિમાં ત્રણ આવર્તનો છે. એના મત્લા અને પછીની પંક્તિમાં આજ આવર્તનો ચાર અને ત્રણનો શેર બને છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને પોણા બે પંક્તિઓનો શેર' કહે છે.

તેમની ગઝલોમાં સૂફી- ગિરનારી અલગારી સ્વભાવ, વાસ્તવમાં બેફિકરાઇ અને જીવનની વિષમતાઓ વચ્ચેય સકારાત્મકતાનો ગઝલભાવ જળવાઇ રહ્યો છે. જે તેમની માનવીય અભિગમની ઉદાત્ત શૈલીનો પરિચય કરાવે છે.

આપના હોવાનો સૂરજ ઝળહળે,
કઈ રીતે હું એકલું કલ્પું નગર ?

અહીં સર્વ- ઐક્યની સૌંદર્યશીલ વિભાવના છે. એમાં ય પ્રણયના પ્રકાશની, પરમતત્ત્વનાં 'હોવપણાં'ની બાતમી મળી આવે છે. જેમ સૂર્યનો અજવાસ આખી સૃષ્ટિ માટે હોય છે. એમ પોતે પોતાનાં નગર વિના કઇ રીતે રહી શકે ? એવી પોતીકી ગૌરવાન્વિત સંવેદના પોચટ નથી બનતી પરંતુ ભવ્યતાને નિર્દેશે છે. એમની મસ્તીરંગની, માશુકીયતની શૃંગારી શૈલી પણ ચિત્રાત્મકતાને ચિંધે છે, શેર જુઓ,

એના ખયાલનું જ લઈ નૂર આંખમાં,
પ્હોંચી ગયો છું હું ય તે વિસ્મયનાં દેશમાં,
- ઊડ-ઊડ કરતું એક પંખી, બીજું નિરાંત કરે છે,
અંદરનાં પંખીની સંતો વાત કરે છે.
- અલકલટોની નમણી શેરી પેલી બાજુ,
આ બાજુ અહેસાસ લઈને ક્યાં ચાલ્યાં ?

ઉપરોક્ત શેરોમાં સૂફી- રહસ્ય જગતની મનોદૈહિક સાંકેતિકતા જીવંત બની સ્પર્શે છે. અહીં 'પંખી પ્રતીક આશક' અને 'માશુક' એમ બેય માટે ભાવવાહી રંગદર્શી શૈલી પ્રગટાવે છે તો એની વ્યંજકતા આત્મા અને પરમાત્મા વચ્ચેના જગતાતીત્ ચેતોવિસ્તારને જાણે સજીવારોપણ કરે છે ! સ્વયંની સાચી ઓળખના 'સાક્ષાત્કાર'ની આધ્યાત્મિક- ચિંતનશીલ ગઝલબાની શ્યામની ગહન અને ચિરંતન ધારાને હળવાશથી નિરૂપવાની અભિવ્યક્તિને ઉકેરે છે.

એમની અનેક ગઝલોમાં ચિત્રાત્મક શૈલી ઉપસે છે. જીવંત કલ્પનોને સૂક્ષ્મ પ્રતિકાત્મક સંકેતોથી ગઝલના એક શેરમાં ભવ્ય કલાસૌંદર્યનું નિર્માણ થતું ઘણે ઠેકાણે જોઇ શકાય છે. સૂરજમુખીની સૂર્ય તરફ રહેવાની પ્રાકૃતિક અવસ્થાનું સાધક અને સાધ્ય વચ્ચેના સંબંધનો સારુપ્ય ભાવ નવી કવિતાની સૌંદર્યવિભાવનાને લક્ષ્યાર્થે છે. શેર જુઓ,

સૂરજ મુખીની ટેવ સમા આપણા સંબંધ,
આકાશ જેવું એટલે મારામાં સંભવે !
પથ્થર પાસે પુષ્પ રડે છે
પવન બાપડો શું બબડે છે !

જેવા શેરમાં ધર્માંધતા, મૂર્તિપૂજા, અંધ વિશ્વાસને વ્યંજિત કરતા શ્યામ 'પથ્થર' 'પુષ્પ' અને 'પવન' ને મનોદૈહિક ચેતના બક્ષે છે. અહીં 'પુષ્પ' એ સાધક છે, 'પથ્થર' સાકાર ભગવાન છે અને 'પવન' એ નિરાકાર પરમતત્ત્વનું પ્રતિરૂપ છે. એના 'બબડવા'નો ઉપક્રમ કટાક્ષ- પૂર્ણ વ્યંજનાને તાકે છે એ 'પવન' કલ્પનનું દૈહિક - સજીવારોપી કર્મ ચિત્રાત્મકતાનું સર્જન બન્યું છે.

શાયર ઘણે ઠેકાણે દાર્શનિક ભાવોને- ચિંતનની ગહનતાને સ્પર્શતી રહસ્યવાદી શૈલી નિરૂપે છે. ગઝલનાં અંતસઃનાં રૂપનિર્માણ, છંદ- બંધારણની વ્યવસ્થિત ગૂંથણી તથા કાવ્યનિર્મિતિનો અભિગમ સરળ- પ્રવાહી શૈલીમાં પ્રગટે છે. તેઓ ઘણે ઠેકાણે પ્રાકૃતિક પરિવેશ, સમાજ, અવકાશીય, ભૌમિતિક તત્ત્વોને ગઝલમાં કલ્પન, પ્રતીકો, સંકેતો દ્વારા ત્રિપરિમાણીય વ્યંજના દ્વારા અનોખી ભાત પાડે છે. સતીશ વ્યાસ નોંધે છે, 'આધુનિક ગઝલકાર પાસે અભિવ્યક્તિની તરેહો વધી છે, પણ ક્યારેક એ જૂની પદ્ધતિઓ દ્વારા પણ અસરકારકતા નિરમે છે. એને એ જૂની રીતિ પ્રયોજવી પડે છે એ દર્શાવે છે કે એમાં યે ક્ષમતા હતી. શેર જુઓ,

હું મરજીવો, તુ મરજીવો મોતી માટે,
છોડ સકલ બકવાસ, યાર ! તું યાર બની જા.

અહીં સોરઠી સંત- ભજનની પરંપરા અને હકીકીનો મસ્તીરંગ કેવા ભવ્ય ઉપમાન- ઉપમેયક્ષમ બન્યો છે. અહીં ગંગા સતીનું પેલું ભજન સ્મરાય છે,

વીજળીને ચમકારે મોતીડાં પરોવો પાનબાઈ
અચાનક અંધારાં થાશે જી....!

અને બાળાશંકરની મસ્તીમાં જે આધ્યાત્મિકતાનું તત્ત્વ હતું એ સૂફીરંગનો મત્લાનો શેર,

જિગરનો યાર જુદો તો બધો સંસાર જુદો છે.
બધા સંસારથી એ યાર બેદરકાર જુદો છે.

આ બોધપ્રધાન ગઝલ મસ્તકવિની આત્મલક્ષીતાની હતી. એટલે એમાં વૈયક્તિક ભાવ સંદર્ભનું વૈશિષ્ટ્ય પણ જોવા મળે.' પરંતુ શ્યામ સાધુનો 'યાર' પારસ્પારિક પૂરક સ્થિતિ પેદા કરે છે. અહીં બન્ને સાધક અને સાધ્ય 'યાર' છે. અને એમને 'મોતી' એટલે નિજાનંદ 'અનલહક્' અવસ્થાની પ્રાપ્તિ કરવી છે. શ્યામ સાધુની ફકીરાઈની ખુમારીયત ભરી સર્જક શૈલીને પ્રગટાવે છે.

શ્યામ સાધુ અવનવા કાફિયા, રદીફ પ્રયોજતા રહે છે. શરૂઆતના ગઝલ કવનમાં ઉદાસી, વિષમતા, સંસારની દુન્વયી દશા, સુખ-દુઃખની કારમી પીડા, એકાકીપણું તથા અશાંત મનોવિશ્વને લગતી વિષય સંરચના એમના 'સાંજ ઢળી ગઈ' ગઝલ સંગ્રહમાં વિલોપાય છે. અહીં વિસ્મય, રહસ્ય, ફકીરી- અલગારી ભાવ, ફનાગીરી, સૂફી મસ્તીરંગ, અનહદની બાની અને મનોચિત્ત ચિંતન વ્યકત થાય છે. એમની છંદ- સંકલના સાદ્યંત વિશિષ્ટ રહી છે. એમને ગઝલના અરૂઝનું સારું જ્ઞાન છે, જેથી ગઝલના તગ્ગઝ્ઝૂલને હંમેશા ન્યાય આપે છે. પડી, રડી, ખડી, દડી જેવા રદીફ ગતિશીલતાને ઇંગિત કરે છે. ફળી, મળી, નિતારી, ઉતારી, બરોબર, સરોવર, છલકાવી, અટકાવી, તાર, યાર, સાર, અભિસાર, અજવાળામાં પગપાળામાં, ઝળહળવાના, ટળવળવાના, ઘેલો, ઠેલો, તેડામાં, નેડામાં, હક, અનલહક દરબાર, યાર, સરકાર, અંદર- મછંદર, નિસાર- પસાર જેવા કાફિયા- રદીફ સૂફીચિંતનને તાકતા જોઇ શકાય છે. "ગુજરાતી ગઝલનું સૌંદર્ય બાઅદબ અખંડિત રહેશે, રહેતું આવશે.' એવી અભિલાષા સેવતા તેઓ ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ને તેમનો અંતિમ ગઝલ સંગ્રહ સાંજ ઢળી ગઈ', ૭ નવેમ્બર, ૨૦૦૨માં આપે છે.'[૧૭]

**૫.૩.૩ કેટલાંક અર્થઘટનો અને અવલોકન :**

ગઝલને આત્મલક્ષિતાનો કાવ્ય પ્રકાર ગણાવતા ઘણા સુજ્ઞ સાક્ષર વિવેચકો (જેને હિન્દીમાં 'આલોચકો' કહેવાય છે !) ને શ્યામ સાધુની ગઝલ સંપદા જોઇ જવા જેવી ખરી ! આપણા આધુનિક સાહિત્યના જયંત પાઠક, રાધેશ્યામ શર્મા, ચંદ્રકાન્ત શેઠ, રમેશ પુરોહિત, લલિત રાણા 'આતશ ભારતીય', 'ડૉ રાજેશ વ્યાસ 'મિસ્કીન', ડૉ. રશીદ મીર વગેરે ગઝલ- સંશોધકો, લેખક- કવિઓ, વિવેચકોની દૃષ્ટિ શ્યામ સાધુ ઉપર પડી નથી. એથી શ્યામની ગઝલોના કથયિતત્વ અને સૂફીચિંતન વિશે વાત કરવાને કોઇ કારણ મળતું નથી. શ્રી સંજુવાળા દ્વારા સંપાદિત "ઘર સામે સરોવર'ના ઉપોદ્‌ઘાતને છોડીને વિગતે વિવેચન- સંકલન જોવા મળતું નથી. ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' છેક નવેમ્બર, ૨૦૦૯ માં કવિશ્રી 'શ્યામ સાધુ- એક વિશિષ્ટ ગઝલકાર' નામના વ્યાખ્યાન નિમિત્તે પેટછુટ્ટી વાતો કરે છે પણ એમનાં 'ગઝલ વિમર્શ' જેવા નોંધપાત્ર પુસ્તકમાં શ્યામ સાધુ વિશે માત્ર નામોલ્લેખ જોવા મળે છે. એ વિચારણીય છે.

ચંદ્રકાન્ત શેઠ, ડિસેમ્બર ૧૯૮૬માં 'કવિતાની ત્રિજ્યામાં', ડૉ. સતીશ વ્યાસ આધુનિક કવિતામાં ભાષાકર્મ' ૧૯૮૩માં પ્રકાશિત કરે છે. જેની બીજી આવૃત્તિ ઇ.સ. ૨૦૦૭માં આવે છે. રાધેશ્યામ શર્મા ૨૦૦૧માં 'કાવ્ય સંકેત', જયંત પાઠક 'આધુનિક કવિતા પ્રવાહ' ઇ.સ. ૧૯૮૧માં

અને ડૉ. રશીદ મીર' ગુજરાતી ગઝલની સૌંદર્ય મીમાંસા' ઇ.સ. ૨૦૦૯માં આપે છે. જેમાં ઇ.સ. ૧૯૭૩માં 'યાયાવરી' ગઝલ સંગ્રહ પ્રકાશિત થવા છતાં શ્યામ સાધુનો એક પ્રયોગશીલ સૂફીધારાના વિશિષ્ટ ગઝલ કાર તરીકે નામજોગ ઉલ્લેખ પણ નથી એ આપણા વિવેચનની બેધારી નીતિનાં વરવાં દ્રશ્ય તરીકે ઊભરી આવે છે.

ગઝલ સ્વરૂપમાં નાનાં મોટાં ડઝનેક પુસ્તકો આપનાર રમેશ પુરોહિત સમ ખાવા પૂરતા શ્યામ સાધુના ગઝલકર્મને યાદ કરતા નથી. તેમનાં સંપાદનોમાં એક પણ ગઝલ સંકલિત થઇ નથી. તેમણે શૂન્ય, મરીઝથી લઇને અંકિત ત્રિવેદી કે સલીમ શેખ 'સાલસ' અને ચંદ્રેશ મકવાણા જેવા લબરમુછીયા ગઝલકારને લીધા છે પણ શ્યામ સાધુનું ગઝલ- કવન ન દેખાયું !

આપણા આરંભિક ગઝલકારોમાં મણિલાલ નભુભાઇએ બારેક ગઝલો જ લખી છે છતાં એમના વિશે રા.વિ. પાઠક, સુન્દરમ, ઉમાશંકરથી લઇને અધુનાપર્યંતના આગેવાન કહેવાતા વિવેચકોએ ટિપ્પણ કર્યું છે. એમના સર્જક કર્મમાં ભાવાવેગ, પરંપરાનો આવિષ્કાર તથા વૈચારિક સૂક્ષ્મતા જેવી બાબતો વિશે ભરપેટ લખાયું છે. જ્યારે લગભગ બસો જેટલી પ્રકાશિત, સિદ્ધહસ્ત ગઝલકારની બાની તરફ કોઇનીય નજર ગઇ નથી. એ આશ્ચર્ય સાથે વિષાદ ઉપજાવે તેવી બાબત છે.

શ્યામ સાધુની સમગ્ર ગઝલોના આસ્વાદન અને ભાવન પછી ગઝલનાં સૂફીરંગ, ભાષા- સંયોજન, શૈલી, સમકાલીન સારુપ્ય, ચિંતન વગેરેને લઇ કેટલાંક મહત્ત્વનાં અવલોકન અત્રે પ્રસ્તુત છે.

૧. શ્યામ સાધુની ગઝલોનો કવન- કાળ જોતાં એમ કહી શકાય કે એમની શરૂઆતની એટલે કે 'યાયાવરી' (૧૯૭૩)ની ગઝલો આધુનિકતાના પ્રચંડ જુવાળની અસર તળે લખાયેલી છે. જેમાં તેઓ કવિ તરીકે પ્રસ્થાપિત થયા પણ છે. તે પછીની ગઝલોમાં પણ કાવ્યકલાની ઊંડી સર્ગશક્તિ અને સૂફી અલગારી ચિંતનનો સુમેળ થતો રહ્યો છે. જ્યારે 'સાંજ ઢળી ગઇ' જેવા મરણોતર સંગ્રહમાંની ગઝલો પૂર્ણ રહસ્ય અને અધ્યાત્મ ચિંતનનાં સંસ્પર્શ સાથે શ્યામ સાધુને એક ખમતીધર ગઝલકાર તરીકે ચિરંજીવી બનાવી દે છે. એક એક શેરમાં અનહદ, અગોચર, અગમ ચેતનાને ભવ્ય કલ્પનો, પ્રતીક, સંકેતાત્મક દશ્યચિત્ર દ્વારા સૌંદર્યશીલ સર્જક ઉન્મેષ સાંપડ્યો છે. સંજુ વાળા નોંધે છે, કે જાતને ઓળખી લીધા પછીનું દર્શન ! છતાં કવિનું વિસ્મય અખંડિત જ છે. આ સૂફી રહસ્ય જ છે. એને આપણી

પરંપરા ભગવી- અલગારી સંગત કહે તો મને વાંધો નથી. પરંતુ કોઇએ વિસ્તારની જગતાતીત અનુભૂતિને ‘સૂફીરંગ’ની મસ્તી ન માને તો મને અવશ્ય વાંધો પડે.

૨. આધુનિક કાળમાં ગઝલમાં ગઝલીયતનાં આયાતી તત્ત્વો પ્રણય- નિવેદન, મસ્તીરંગ, માશુકીયત, ઇશ્કે હકીકીપણું, માનવવાદ જેવાં રૂઢ પ્રકલ્પોમાં ઉર્દૂ- ફારસી પ્રચુરતાથી નિરૂપાતી ભાષા- ભાવ- કલોચિત સૌંદર્યનો પરિવર્તિત પટ વિસ્તરે છે. શ્યામ સાધુ પણ આ પંથે પોતાની આગવી ભાત ઊકેરે છે. તેઓ પૂર્ણ શિષ્ટ ગુજરાતી ભાષા અને બોલચાલની વ્યવહારુ ભાષાને વધુ અવલંબે છે. હા, ઉર્દૂ- ફારસીનો તિરસ્કાર કરે છે, એવુંય નથી. શયદા, મરીઝ, શૂન્ય જેવા ગઝલકારોની માતૃ જબાન ઉર્દૂ- ફારસી મિશ્રિત ‘ઓછી ગુજરાતી’ છે. જ્યારે શ્યામ સોરઠી બોલીના પ્રભાવવાળી ગુજરાતીને, ઉલટાના તેઓ કૃતકતામાંથી યે ઉફરા બની સ્વયંની બાનીમાં ગઝલને સિદ્ધ કરે છે તે જેવી જેવી ઘટના નથી. મરીઝ, શૂન્ય માતૃભાષાના પ્રભાવથી ઉર્દૂ- સંજ્ઞાઓ જેવી કે, સાકી, શરાબ, સુરાહી, નશો, માશુક- આશિક, મયખાનું, ફનાગીરી, હકીકી, મંઝિલ, દિદાર- આવા બધા સ્થાયી સૂફીભાવને વ્યકત કરતા શબ્દ પ્રયોગોની ગઝલ લખે છે. આ અને એવી બાની પ્રચુરતાવાળી ગઝલો જ સૂફીરંગને પ્રગટાવે-એમ માનવું ભૂલ ભરેલું છે. હા, એ ચોક્કસપણે સૂફીમસ્તીને અભિવ્યકત કરે છે. પણ જ્યારે ગઝલ કાવ્યને ‘છેતરામણું સ્વરૂપ’ કહીએ ત્યારે માત્ર આવા શબ્દો દ્વારા ગઝલનું ગઝલત્ત્વ પ્રગટતું નથી. શ્યામ સાધુની ગઝલોમાં એ શુદ્ધ ગુજરાતી બાનીમાં- આધુનિક કલામીમાંસાના સંતર્પક સંન્નિવેશમાંથી કળાઇને સૂફીરંગી બને જ છે.

૩. ગઝલની ભાષા ઉર્દૂ- હોય કે ગુજરાતી હોય કે અન્ય કોઇ ભાષા હોય, છેવટે એમાં ગઝલનું તગ્ગઝઝૂલ પ્રગટવું જોઇએ. શ્યામ સાધુ ઉર્દૂ ભાષાથી એટલા પરિચિત નથી, તેમની રગમાં એ ભાષા નથી રમતી ત્યારે એમ ન કહી શકાય કે એમની ગઝલોમાં સૂફીચિંતન ચિંધતો ઉર્દૂશાઇ અભિગમ નથી કે એ કોરો ગિરનારી- અવધુતી અલગારીરંગ છે એમ પણ નથી. સાચી રીતે તો તેઓ અને તેમને અદકેરી ગઝલો સૂફીતત્ત્વના અનુસંધાન સાથે ગઝલમાં ‘સૂફીરંગનું ગુજરાતીકરણ’ કરવાનું મહત્ત્વનું ગઝલ કર્મ કરી ગયા છે.

૪. આધુનિક કવિતામાં કલ્પન, પુરાકલ્પન, સંકેતપ્રધાન પ્રતીકાત્મકતા, ચિત્રાત્મક શૈલી વગેરેનું બાહુલ્ય ફેલાયું હતું. શ્યામની ગઝલોમાં આવી વિભાવના કયારેક અતિ થઇને નિરૂપાય છે. વધુ પડતી કલ્પન સંયોજના, સંકેતાત્મકતા ગઝલને દુર્બોધ બનાવી શકે છે. કારણ કે ગઝલ ઋજુ મનોભાવોને ગેય સંગીતાત્મકતા સાથે નિતાંત સ્પર્શી રહેવી જોઇએ. ગની દહીંવાલાનો શેર જુઓ,

ખીલ્યું હો બારમાસી અજંપાનું ફૂલ જ્યાં
ત્યાં મૂંઝવણની વેલ તો વાવ્યા વિનાય થાય.[૧૮]

અહીં કલ્પનો, માર્દવતા અને સરળતાને ચીંધે છે. અલબત્ત શ્યામનું કલ્પન-સંયોજન આવી સરળ અને મહેંકભરી સંવેદનાને પ્રગટાવે છે. પરંતુ એનો અતિરેક જન સાધારણ ભાવક માટે સમજથી આઘો રહી જાય છે. જન સામાન્યની વાત હોય અને ગઝલ લોકભોગ્યતાથી અળગી રહી જવા પામે એ કેમ ચાલે ? એવું કર્તુત્ત્વ શા કામનું ? હિન્દીના સુખ્યાત ઉપન્યાસકાર મુંશી પ્રેમચંદ લખે છે, 'સાહિત્ય સુલાનેવાલા નહીં હો કિન્તૂ મન મેં બેચૈની પૈદા કરનેવાલા હોના ચાહિયે.'[૧૯] અહીં એક પરિબળ નજરે ચડે છે, અનુઆધુનિક રચનારીતિનું પીંડલુ પુનઃ પુનઃ પશ્ચિમી કાવ્યમીમાંસાના અંધાનુકરણથી રચાયું છે. એની અસર શ્યામ સાધુની ગઝલો ઉપર પણ જોઇ શકાય છે.

૫. શ્યામ સાધુની ગઝલોમાં સૂફીરંગી છટા અંગે મારુ અવલોકન કંઇક આવું છે. આ શાયર મૂળે ભજનીય અધ્યાત્મનો, તત્ત્વચિંતનનો કવિ છે. નિરાકારતત્ત્વની ઈબારતે ચડનારો ફકીર શાયર છે. એ આકાર- મૂર્તિની વાત નથી કરતો. તેમની ગઝલોમાં કબીરનો નિગુંણી નાદ, શંકરાચાર્યનો દ્વૈતાદ્વૈત વાદ, ગિરનારી અલખ- નિરંજનનો મસ્તીભર્યો-ડાયરિયો નાદ ! કે મીરાંનો વિરહાસકત પ્રેમોર્મિભાવ એમ એક સામટા અધ્યાત્મ ચિંતનના વાવટાને ફરકાવતો ગઝલનાદ સાંપડે છે. એમાં સૂફીમસ્તીનું સ્ફોટન પ્રબળ બનતું ન પણ લાગે, પણ એનો પ્રેમોર્મિ- ઝંખનાની મસ્તીનો નિર્દેશ સૂફીરંગના ઘસરકાથી ઓછો ય નથી !

૬. શ્યામ સાધુની રચનાવિધાનની શૈલીમાં અલગ તરી આવે એવી વાત એમની ગઝલોમાં સર્વનામોની ભરમાર, પ્રશ્નવાચી શબ્દ પ્રયોગો અને સંકેતોને ગણી શકાય. એમની મોટા ભાગની ગઝલો હું- તું, અમે- તમે, મને- તને, અમને- તમને, મેં-તે, મારી-તારી, મારો-તારો, મારામાં- તારામાં જેવાં એકવચન પ્રથમ પુરુષથી એકવચન ત્રીજા પુરુષ સુધીનાં

સર્વનામો પ્ર-યોજાયાં છે. એક વચનમાં માશુકીયત ભર્યા, ફકીરાઈનાં ચકો, પવન, પંખી, સૂર્ય, દોસ્ત, જૂઇ, મહેંક, સૂર્ય, ફૂલ જેવાં પ્રાકૃતિક, ભૌગોલિક અને સરિસૃપ જગતનાં કલ્પનો સૂફી માશુક દરવેશને વ્યંજનાત્મક રીતે નિર્દેશે છે. તો બહુવચનમાં માનાર્થે, વંદનાયુક્ત ગણતાં, પરમચેતનાને પૂજ્યભાવે, આપણાં, આપ, એક, એના જેવા સર્વનામો નિરૂપેલા જોઇ શકાય છે. આ સર્જકતાનો નવોન્મેષ છે. સાધક અને સાધ્ય કે જે પરમચેતના વચ્ચેના સૂફી સંબંધોના અલૌકિક વ્યવહારને નિર્મિત કરે છે. તો કોઇક, કોઇને, કૈ, કોઇ, ક્યાં, કોને, ક્યારેક, શું ? જેવાં પ્રશ્નવાચી શબ્દપ્રયોગો પણ વારેઘડીએ રહસ્યને વ્યંજિત કરે છે. આ સૂફીરંગના મિજાજના પરિચાયક પ્રયોગો શ્યામ સાધુની સર્જકતાના સીમાચિહ્ન બની રહે છે. શ્યામ લખે છે,

- મઘમઘતી દોસ્તીની ગઝલ કેમ ના કહું ?
  ઝાકળ શી ઈચ્છા લઈ ઊભો હું પણ રવેશમાં.
- ભાષા સુમિરનની હવે આંસુ બની,
  આંખ મારી આ જુઓ, ભીંજાઇ ગઈ.

## - નિષ્કર્ષ :

શ્યામ સાધુના ગઝલ કર્મને ગઝલ સ્વરૂપના સંદર્ભે, અનુ-આધુનિકતાના સંદર્ભે, નૂતન દૃષ્ટિકોણનાં સંદર્ભે કે સૂફીરંગના ઉત્કર્ષ સંદર્ભે એમ અનેક રીતે મુલવી- પ્રમાણી શકાય એમ છે. સંજુવાળા નોંધે છે, ઘણી વખત સર્જકોમાં આવી કોઇ સંજ્ઞા- અભિધાની સભાનતા ના હોય, અથવા કોઇ વાદ- ચિંતનધારાના નિરૂપણ માટે ય કવિ, કવિતા કરે. પરંતુ કેટલાક સનાતન ભાવ જેમ ફરી-ફરીને દેખા દે, શ્રાવણનાં સરવડાંની જેમ ભીનાં કરી દે, તેમ કેટલીક વખત આવા સંકેતો, ચિહ્નો તારવી શકતાં હોય છે. જીવનનાં સનાતન તત્ત્વો પ્રેમ, ઊર્મિ, તડપ, ઝંખના, લય- નાદ, સંગીત, સત્ય- શિવ- સુંદર વગેરે સમરસતાઓમાંથી કાવ્યતત્ત્વ પ્રગટતું રહ્યું છે.

શ્યામ લખે છે ને,

જીવ- ઝુરાપો પૂછ્યા કરતો,
આ આંસુની સાંકળ શું છે ?

અહીં ગઝલનો સ્થાયી ભાવ ઊઘડે છે. જીવ- ઝુરાપો આદિ માનવથી આરંભાઈને આંસુ એટલે કે આરત, મિલન-ઝંખના, ઈબાદતની તડપ, પ્રેમોર્મિના પુર રૂપી 'સાંકળ (Chain) થઈને સૃષ્ટિમાં આજની પળ સુધી! વિસ્મિત થતો કાવ્યમાં પૂછ્યા કરે છે ! અહીં 'શું' પ્રશ્નવાચી પરમતત્ત્વની અનંત યાત્રાનું નિવેદન બની રહે છે. આવી સંગીતાત્મક- સૌંદર્યમૂલક ગઝલ- રચના

શ્યામ સાધુનું નવલું નજરાણું બની રહી છે. આવા પ્રયોગમાં ક્યારેક આ કવિને આધુનિક કાળની કવિતાએ, જેના થકી આગવો અભિગમ રચ્યો છે, તે દુર્બોધતા કે અનર્થતા પણ મદદે આવે છે. આવી રચના પ્રક્રિયાથી રચાતાં ભાવયુદગલમાં ગઝલ પ્રસ્થાપના માટે આ શાયરના, તેના અન્ય સમકાલીન સમર્થ કવિ- ગઝલ- કારો જેવા, સમર્થ પ્રયત્નો અને લક્ષ્યાંકો પણ અહીં સુપેરે નોંધી શકાય તેવા છે.''

શ્યામની એકાધિક ગઝલોનો મુખ્ય સૂર ભલે ઉદાસી, અભાવ, અકળામણ અને અસારતાનો હોય પણ એય અકિંચન અલગારી સૂફી મસ્તીની રંગછટાઓના નિર્માણ માટેનું માધ્યમ બનીને મ્હેક, માધુર્ય, સમરસતા અને ભવ્યતાનું કાવ્યરૂપ બને છે. શેર જુઓ,

મારા વિષાદનાં ગુલાબો મ્હેકતાં રહો,
હું તો બારમાસી ફૂલે ઝરમર્યા કરું.

આ ફનાગીરી છે, ફકીરાઇ, અલગારીયત છે. પોતાની આ અભિવ્યક્તિને શ્યામ સર્વવ્યાપકતામાં વિલિન થતી કલ્પે છે. અહીં ભવ્ય માનવધર્મ છે. સૌહાર્દ છે, અને ગઝલકર્મની ગૌરવાન્વિત નિરૂપણા છે. શેર જુઓ,

અડકે તો આફતાબ બની જાય જિંદગી,
અલગારીઓનાં નામ સમજજો વિશેષમાં.

આ કવિ સ્વભાવે સૂફી જ છે. કર્મે સૂફી છે અને ધર્મે ય સૂફી છે. એને તો માત્ર કવિતાને સ્પર્શવું છે. એને માટે ભાવ, ભાષા, અભિવ્યક્તિ અને સર્જકના ચેતોવિસ્તારને રળિયાત કરવો છે. કેંસર જેવા ભયંકર રોગમાં સપડાવાને લીધે અકાળે, ૬૧ વર્ષની આયુમાં તેમને આપણી પાસેથી ઝૂંટવી લીધા પણ તેમનું કવન 'કશાક'ની ચિરંતન થાપણને સ્પર્શતું- વિલોકતું વધતું ગયું છે, તેમની અછાંદસ પંક્તિઓમાં,

'ખરું કહું તો તારા નામે શબ્દોને કહી કવિતા
દાદુ તારા નામે ચલાવી ભાષાની પાલી
પીધી પીધી પેટ ભરી અર્થોની પ્યાલી
અંતે તોય રહ્યો તુ ખાલીનો ખાલી
હાય રે હાય સમય મવાલી....''

# સંદર્ભ


૧ ‘ઘર સામે સરોવર’, પ્રકાશકીયમાંથી, પૃ.૩

૨ એજન, પૃ.૫, સંપાદકીય નોંધમાંથી

૩ ‘ગઝલવિશ્વ’, લેખ, રાજેશ વ્યાસ, સપ્ટે-૨૦૦૯, પૃ.૬૩

૪ એજન, મુખ્ય પૃષ્ઠ, જૂન-૨૦૧૩, પૃ.૪

૫ એજન (ક્ર-૨), ‘પ્રાકથનમાંથી’, પૃ.૬

૬ ‘ગમન’, ફિલ્મની સી.ડી.માંથી, ટી-સીરીઝ કંપની, મુંબઈ

૭ ‘ગઝલવિશ્વ’, નવેમ્બર-૨૦૦૯, પૃ.૭૮

૮ રાવલ ગોવિંદભાઈ, ‘ધર્મ મીમાંસા’, પૃ.૧૪

૯ સાધુ શ્યામ, ‘નવનીત સમર્પણ’, ફેબ્રુ-૨૦૦૨, પૃ.૧૮૧

૧૦ મીનાશ્રુ હરીશ, સં. ‘નખશિખ’, પૃ.૧૭૮

૧૧ એજન,ક્ર-૩, જુલાઈ-૨૦૦૮, પૃ.૫૭, ‘હનીફ સાહિલનો લેખ’

૧૨ એજન, સપ્ટેમ્બર-૨૦૧૦, પૃ.૬૧

૧૩ વ્યાસ સતીશ, ‘આધુનિક કવિતામાં ભાષાકર્મ’, પૃ.૨૩

૧૪ એજન, પૃ.૧૭૨

૧૫ શર્મા રાધેશ્યામ, ‘કાવ્ય સંકેત’, પૃ.૩૩, પૃ-૮૯

૧૬ સ્વામી આનંદ, ‘ભૂમિપુત્ર’, સપ્ટે-૧૯૭૩, પૃ.૨૯

૧૭ ‘ગઝલવિશ્વ’, નવે-૨૦૦૯, પૃ.૭૩

૧૮ શેઠ ચંદ્રકાન્ત, ‘કવિતાની ત્રિજ્યામાં’, પૃ.૧૨૯

૧૯ મુંશી પ્રેમચંદ્ર, (હિ) ‘પૂર્વગ્રહ’ પત્રિકા, ભારત ભવન, ભોપાલ, પૃ.૬૯


(તા.ક. : આ પ્રકરણમાં લીધેલા ઉદા. રૂપ શેર ‘ઘર સામે સરોવર’ માંથી લીધા છે. જે તે સ્થાને માત્ર પૃષ્ઠ નંબર લખ્યો છે.)